
# નરહરિભાઈ પરીખ

વનમાળા દેસાઈ



GJ 891.47092
D 451 N

શ્રી મહાદેવભાઈ દેસાઈ જન્મશતાબ્દી સમિતિ
અમદાવાદ

INDIAN INSTITUTE
OF
ADVANCED STUDY
LIBRARY, SHIMLA

# નરહરિભાઈ પરીખ

વનમાળા દેસાઈ

શ્રી મહાદેવ દેસાઈ જન્મશતાબ્દી સમિતિ, ગુજરાત
ગાંધી સ્મારક સંગ્રહાલય, હરિજન આશ્રમ,
અમદાવાદ – ૩૮૦ ૦૨૭

| | | |
|---|---|---|
| મહાદેવભાઈ દેસાઈ: સત્ત્વ અને સાધના | ચંદ્રકાન્ત શેઠ | ૧૦-૦૦ |
| કિશોરલાલ મશરૂવાળા | કેતકી બલસારી | ૧૦-૦૦ |
| મીરાંબહેન | જયન્ત પંડ્યા | ૮-૦૦ |
| વણછા વિનાના વડલા: મહાદેવભાઈ દેસાઈ | નારાયણ દેસાઈ | ૮-૦૦ |
| ગાંધીઅર્થવિચારના પ્રખર ભાષ્યકાર: ડૉ. જે. સી. કુમારપ્પા | મગનભાઈ જો. પટેલ | ૭-૦૦ |
| નરહરિભાઈ પરીખ | વનમાળા દેસાઈ | ૭-૦૦ |

છ પુસ્તકોનો સંપુટ: ચાળીસ રૂપિયા

Acc. No. 130238
Date 8-9-2010
GN
891:47092
D451N

પ્રથમ આવૃત્તિ: જુલાઈ, ૧૯૯૪
પ્રત: ૨,૦૦૦

કિંમત: સાત રૂપિયા

© વનમાળા દેસાઈ

પ્રકાશક:
અમૃત મોદી
મંત્રી, શ્રી મહાદેવ દેસાઈ જન્મશતાબ્દી સમિતિ, ગુજરાત
ગાંધી સ્મારક સંગ્રહાલય, હરિજન આશ્રમ,
અમદાવાદ - ૩૮૦ ૦૨૭ ટેલિફોન: ૪૮૩૬૭૭

મુદ્રક:
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૩૮૦ ૦૧૪

મુખ્ય વિક્રેતા:
નવજીવન ટ્રસ્ટ
પો. નવજીવન, અમદાવાદ-૩૮૦ ૦૧૪

Library IIAS, Shimla
GJ 891.470 92 D 451 N
00130238

# પ્રકાશકનું નિવેદન

શ્રી મહાદેવ દેસાઈ જન્મશતાબ્દી સમિતિએ સ્વ. મહાદેવભાઈની જન્મશતાબ્દીની ઉજવણી સાથે, એ અરસામાં જેમની જન્મશતાબ્દી આવતી હોય તેવા ગાંધીજનોની જન્મશતાબ્દી પણ ઊજવવી એમ નક્કી કરેલું. તેની સાથે જ એ ગાંધીજનોના જીવન અને કાર્યનો પરિચય કરાવતી પુસ્તિકાઓ પણ પ્રસિદ્ધ કરવાનું ઠરાવેલું.

તે મુજબ સ્વ. નરહરિભાઈ પરીખના જીવન અને કાર્યનો પરિચય કરાવતી આ પુસ્તિકા શ્રી મહાદેવ દેસાઈ જન્મશતાબ્દી સમિતિ તરફથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. જન્મશતાબ્દી વટાવી ચૂકેલા આ ગાંધીજનોની પુસ્તિકાનો સંપુટ વાચકો માટે ઉપયોગી થઈ પડશે અને તેને યોગ્ય આવકાર મળશે એવી સમિતિને શ્રદ્ધા છે.

તા. ૩૦-૮-'૯૪

# નરહરિભાઈ

૧૯૧૭માં અમદાવાદના કોઈ શેઠિયાએ ગાંધીજીને વસવાટ કરી આશ્રમ કરવા માટે સાબરમતીને કિનારે શહેરની સામેની બાજુની જમીન ભેટ આપી. એ જમીનની એક બાજુ દૂધેશ્વરનું સ્મશાન અને બીજી બાજુ જેલ હતાં. દરેક જાતકે સ્મશાને તો જવાનું જ છે અને અંગ્રેજ સરકાર સામે લડવું હોય તો જેલ જવાનું પણ આવે. આના કરતાં વધારે સારું સ્થળ બીજું કયું હોઈ શકે? નદીકિનારે આવેલી આ જમીન ગાંધીજીને પસંદ પડી ગઈ.

૧૯૧૫માં મહાદેવભાઈ અને નરહરિભાઈએ ગાંધીજી સાથે જોડાવાનો વિચાર કર્યો હતો, પણ કૌટુંબિક સંજોગોને કારણે તરત જોડાઈ શકયા નહોતા. ૧૯૧૭ની શરૂઆતમાં નરહરિભાઈ અને એમનાં પત્ની મણિબહેન ગાંધીજી પાસે આવી પહોંચ્યાં. ત્યાર પહેલાં કાકાસાહેબ કાલેલકર અને કિશોરલાલભાઈ આશ્રમમાં જોડાઈ ગયા હતા. આફ્રિકાથી આવ્યા પછી તરત ગાંધીજીએ કોચરબ ગામમાં એક બંગલામાં રહેવાનું રાખ્યું હતું. પણ નદીકિનારાવાળી જમીન મળી એટલે ગાંધીજીનો રસાલો અહીં આવી પહોંચ્યો. સૌથી પહેલું કામ તો જમીન પરથી ઝાડી અને ઝાંખરાંને સાફ કરી જમીન સરખી કરવાનું હતું. સાથે બેચાર તંબૂ લઈ આવ્યા હતા એટલે જમીન સાફ કરી એની પર તંબૂ ખોડચા.

એક તંબૂમાં કાકાસાહેબ, કિશોરલાલભાઈ, સાંકળચંદભાઈ અને નરહરિભાઈએ ઘર માંડચું ને બીજા તંબૂમાં બા, બાપુજી, મગનલાલભાઈ

વગેરે ગોઠવાયાં. તંબૂ તો ચારે બાજુથી લગભગ ખુલ્લા જ હતા. સવારની વધેલી રસોઈ ઢાંકી રાખી હોય તો કૂતરાં તાણી જાય. એમ અપરિગ્રહના પાઠ શરૂથી જ મળવા લાગ્યા!

એક દિવસ રાત્રે ધોધમાર વરસાદ પડ્યો. તંબૂમાં ઉપરથી પાણી પડે અને નીચેથી પાણી વહે. એટલે બધાં જોડાં ખાટલા પર છત્રી લઈને બેઠાં. ગાંધીજીને બધાંની ચિંતા. પલળતા પલળતા પૂછવા આવ્યા કે, 'બધાં સલામત છો ને? નહીં તો મારા તંબૂમાં આવો.' એમના તંબૂની હાલત આ તંબૂ કરતાં વધારે સારી નહોતી. આ લોકોએ કહ્યું: 'બધું બરાબર છે. તમે જરાય ચિંતા કરશો નહીં.' આ પછી વહેલી તકે પાકું મકાન બાંધી લેવું જોઈએ એમ દરેકને લાગ્યું.

અકસ્માત જ આ દિવસોમાં મિલમજૂરોની હડતાળ પડી. અનસૂયાબહેન સારાભાઈ મજૂરોને લઈને ગાંધીજી પાસે આવ્યાં. મજૂરોને નવરા તો બેસાડી રખાય નહીં. પાકું મકાન બાંધવાની જરૂર તો હતી જ. એટલે સાબરમતી નદીના ભાઠામાંથી રેતી સારીને આશ્રમની જમીન પર લાવવાનું નક્કી કર્યું. દરેક મજૂર કેટલા ટોપલા લાવે છે તે ગણવાનું કામ નરહરિભાઈ અને મણિબહેનને સોંપ્યું. એક ટોપલાની એક પાઈ મજૂરી રાખી હતી. સાંજ પડ્યે નરહરિભાઈ અને મણિબહેનને પણ મજૂરીના બે બે આના મળ્યા. રસોઈ કરવાનો તો વખત નહોતો. મજૂરો માટે ચણામમરા અને ગોળ લાવી રાખ્યા હતા. તે આ લોકોએ પણ ખરીદ્યા. શારીરિક શ્રમ કરવાનો આ કદાચ એમનો પહેલો જ અનુભવ હશે.

મહાદેવભાઈ અને નરહરિભાઈ બન્નેએ સાથે ગાંધીજી સાથે જોડાવાનો નિર્ણય કર્યો હતો, એમાં નરહરિભાઈ વહેલા જોડાઈ ગયા તેની ખુશી વ્યક્ત કરવા મહાદેવભાઈ એકાએક જ એમને મળવા આવી પહોંચ્યા. એમની લાક્ષણિક ઢબે કહે: 'અલ્યાઓ આ શું કરો છો?' મણિબહેન કહે: 'આવો, અમને મજૂરીના બે બે આના મળ્યા છે એનું ભોજન કરવાનું છે.' મહાદેવભાઈએ પણ પોતાના ભાગના બે આના કાઢ્યા ને એના ચણામમરા ખરીદ્યા. ત્રણે સાથે બેસીને જમ્યાં. શ્રમ કરીને

મેળવેલા એ જમણનાં સ્વાદ અને લિજ્જત તો કોઈ મોટી મિજબાની હોય તેના કરતાં પણ વધારે હશે.

પ્રયોગવીર ગાંધીજીને તુક્કો સૂઝ્યો કે જો આપણે હાથોહાથ પાકું મકાન બાંધીએ તો એ જલદી બની જાય. ગાંધીજી બન્યા કડિયા. નરહરિભાઈ અને કિશોરલાલભાઈ મજૂર. ત્રણ દિવસ સુધી તો બન્ને જણે તગારાં ભરી ભરીને ઈંટો સારી, પણ ચોથે દિવસે નરહરિભાઈને સખત તાવ ચડ્યો ને કામ બંધ રહ્યું. હાથોહાથ મકાન બાંધવાનો વિચાર પડતો મુકાયો. વચ્ચેથી ખુલ્લું અને ચારે બાજુ ઓસરીવાળું મકાન સૌથી પહેલું બંધાયું. આ મકાનની ઈંટો અને રેતીને ગાંધીજીના અને એમના નવા દીક્ષિતોના હાથનો સ્પર્શ થયેલો છે.

તે પછી બે ચાલીઓ બંધાઈ. એક આગલી ને બીજી પાછલી ચાલી. આગલી ચાલીમાં કાકાસાહેબ, કિશોરલાલભાઈ, મહાદેવભાઈ, છગનલાલભાઈ, પંડિત ખરે અને નરહરિભાઈ રહેતા હતા. આ બધાય સાહિત્યના, સંગીતના, કાવ્યશાસ્ત્રના શોખીનો એટલે ત્યાં હંમેશાં હાસ્યવિનોદ ચાલતાં જ હોય. મહાદેવભાઈનો વિનોદ, કાકાસાહેબની કલાદષ્ટિ, કિશોરલાલભાઈનું તત્ત્વજ્ઞાન અને નરહરિભાઈનું મુક્ત હાસ્ય, આ બધાથી આખું વાતાવરણ ગુંજતું રહેતું.

અંબાલાલ સારાભાઈ અને નરહરિભાઈ કૉલેજમાં સાથે ભણતા હતા ને રાયપુરમાં એમનાં ઘર પાસે પાસે હતાં એટલે એ કુટુંબ સાથે એમની જૂની દોસ્તી હતી. અનસૂયાબહેન સારાભાઈ કોઈક વાર નરહરિભાઈ આગળ આશ્રમવાસીઓના વિચિત્ર સ્વભાવની ફરિયાદ કરતાં. ત્યારે નરહરિભાઈ કહેતા કે, 'જે જરા ચક્રમ હોય તે જ અહીં આવે ને?' ગાંધીજી સાથે જોડાયેલાં બધાં ચક્રમ તો નહી પણ બીજા કરતાં જુદાં તો ખરાં જ. અમદાવાદ શહેરમાં અને હિન્દુસ્તાનમાં ઘણા ભણેલા લોકો હતા, વકીલો હતા, દેશદાઝવાળા હતા. એમાંથી કાકાસાહેબ, કિશોરલાલભાઈ, સ્વામી આનંદ, મહાદેવભાઈ, નરહરિભાઈ જેવા બધું છોડીને ગાંધીજી પાસે આવ્યા તેને ગાંધીજી સાથેનું ઋણાનુબંધ ગણો કે કાંઈ અસાધારણ કરવાની અંદરની આરજૂ ગણો. તે સિવાય આવા લોકો ગાંધીજી પાસે આવી પોતાનું તનમનધન એમને સમર્પણ

કેમ કરી દે? એવું કહેવાય છે કે, જે અવતારી પુરુષ હોય છે તે પોતાનો દરબાર સાથે લઈને જ જન્મે છે. તેથી જ તો એકસાથે આટલા બધા એકનિષ્ઠ અનુયાયીઓ ગાંધીજી પાસે ભેગા થઈ ગયા.

ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાના કઠલાલ ગામમાં ૧૮૯૧ના ઑક્ટોબરની સાતમી તારીખે નરહરિભાઈનો જન્મ. એમનું કુટુંબ પેઢીપરંપરાથી સુશિક્ષિત અને જાણીતું હતું. એમના દાદા મોતીલાલ મૂળજીએ ૧૮૫૫માં કંપની સરકારની સનદ મેળવી વકીલાત શરૂ કરી હતી. એમના પિતા દ્વારકાદાસ વડોદરા રાજ્યમાં વકીલ હતા. તેઓ સત્યનિષ્ઠ અને ન્યાય માટે લડનારા હતા. એક વખત કઠલાલથી ગાડામાર્ગે નડિયાદ જતાં તેમણે બાહારવટિયાનો સામનો કરેલો. જન્મે વાણિયા હોવા છતાં એમને ઘોડેસવારી અને તલવારબાજી સરસ આવડતાં. આ ઝપાઝપીમાં એમને માથામાં ડાંગ વાગી. ઘા તો રુઝાયો પણ વેદના કાયમ રહી. આ બનાવ પછી ત્રણચાર વર્ષે છેંતાળીસ વરસની ઉંમરે એમનું અવસાન થયું. તે વખતે નરહરિભાઈની ઉંમર દસ વરસની હતી. તેઓ ત્રણ ભાઈઓ હતા. મોટા શંકરલાલભાઈ ને નાના ગિરધારીભાઈ. એક બહેન હતી તે નાનપણમાં જ ગુજરી ગયેલી.

નાનપણથી જ નરહરિભાઈમાં સ્વદેશપ્રેમની ભાવના હતી. ૧૯૦૫માં બંગભંગની ચળવળથી રાષ્ટ્રમાન્ય બનેલા નેતાઓની ત્રિપુટી બાલ, લાલ ને પાલ એમના પ્રિય રાષ્ટ્રવીરો હતા. વિદ્યાર્થી હતા ત્યારથી જ જાહેરસભાઓમાં હાજરી આપતા. કૉલેજમાં ભણતા હતા ત્યારે ગુજરાત કૉલેજમાં અંગ્રેજ પ્રિન્સિપાલ હર્સ્ટની જોહુકમી સામે બંડ જગાવવામાં એમણે આગેવાનીભર્યો ભાગ ભજવ્યો હતો.

નરહરિભાઈ ભણવામાં હોશિયાર હતા. બેત્રણ કલાકમાં ભણવાનું પતાવી છુટ્ટા થઈ જતા. એમને ક્રિકેટ, ગિલ્લીદંડા અને પતંગ ચગાવવાનો ખૂબ જ શોખ હતો. એ શોખ પણ જેવોતેવો નહીં. ઉતરાણના કેટલાય દિવસ અગાઉથી એની શરૂઆત થઈ જાય. દોરી પણ જાતે જ રંગતા. ઉતરાણની સાંજે અગાસી પરથી નીચે ઊતરે ત્યારે દોરીના ઘિસ્સાથી બધી આંગળીઓ લોહીલુહાણ થઈ ગઈ હોય.

ગાંધીજીના આશ્રમમાં આવ્યા પછી પણ પતંગ ચગાવવાનો શોખ ઓછો નહીં થયેલો. મોહન પાસે પતંગ હોય ત્યારે 'લાવ મોહન, ચગાવી આપું' એમ કહી થોડી સહેલ માણી લે. ગૂજરાત વિદ્યાપીઠના મહામાત્ર થયા ત્યારે સાંજની રમત વખતે પોતે પણ છોકરાઓની સાથે રમતમાં જોડાતા ને છોકરાઓ જેટલા જ ઉત્સાહથી રમતા. ૧૯૩૩માં વિસાપુર જેલમાં હતા ત્યાં એમણે ક્રિકેટની ટીમ ઊભી કરેલી. વિસાપુર કેમ્પ જેલ હતી. ગામબહાર બૅરેકો અને તંબૂ તાણીને કામચલાઉ જેલ ઊભી કરી હતી. એટલે ત્યાંના જેલર અને જેલના બીજા કર્મચારીઓને પણ એકાંતવાસ જેવું જ હતું. જેલના દિવસો સારી રીતે પસાર કરવા હોય તો મનદુરસ્તી અને તનદુરસ્તી સારી રાખવા માટે કોઈ ને કોઈ પ્રવૃત્તિમાં ડૂબેલા રહેવું જોઈએ. લખવા-વાંચવા-કાંતવાની સાથે સાંજે રમત રમવાનું પણ ચાલતું. જેલર સાથે વાત કરતાં નરહરિભાઈને ખબર પડી કે, એ પણ ક્રિકેટના શોખીન છે. આમ તો આશ્રમમાં જોડાયા પછીનાં પંદરેક વરસ ક્રિકેટ રમવાનો પ્રસંગ જ આવ્યો નહોતો પણ વિસાપુરમાં ક્રિકેટ ટીમ ઊભી કરી. જેલર એક ટીમના કેપ્ટન થયેલા તો નરહરિભાઈ બીજી ટીમના કેપ્ટન થયેલા.

૧૯૧૧માં નરહરિભાઈ બી.એ. પાસ થયા. કુટુંબમાં બે પેઢીથી વકીલાતની સનદ ચાલતી હતી એથી એમણે પણ વકીલ થવું એવું નક્કી થયું. તે વખતે એલએલ.બી.નો અભ્યાસ મુંબઈમાં જ થઈ શકતો હતો એટલે મુંબઈ જવાનું નક્કી કર્યું.

નરહરિભાઈનાં લગ્ન ૧૯૦૬માં નાની ઉંમરે જ મણિબહેન સાથે થઈ ગયાં હતાં. મુંબઈમાં ખાવાકરવાની અગવડ પડે એટલે પત્નીને સાથે લઈ જવાનું નક્કી કર્યું.

નરહરિભાઈના ખાસ દોસ્ત મનુભાઈ મહેતા ઇન્ટર પાસ થયા પછી આગળ ભણવા માટે અમદાવાદથી મુંબઈ ગયેલા. ત્યાં એમને મહાદેવભાઈ સાથે દોસ્તી થઈ. મિત્રના મિત્ર તરીકે નરહરિભાઈનો મહાદેવભાઈ સાથે પત્રવ્યવહાર શરૂ થયો હતો. નરહરિભાઈએ સાન્તાક્રુઝમાં એક બંગલો ભાડે લીધો અને એમના બીજા બે દોસ્ત અંબાલાલ

લખિયારા અને મધુભાઈ કવીશ્વર, ત્રણે એ બંગલામાં સાથે રહેવા લાગ્યા. મહાદેવભાઈ તે વખતે પરેલ રહેતા હતા. એ બંને ઘણી વાર લૉ કૉલેજમાંથી પાછા આવતાં લોકલ ટ્રેનમાં ભેગા થઈ જતા. આ સમય દરમિયાન નરહરિભાઈ અને મહાદેવભાઈ બહુ જ ગાઢ પરિચયમાં આવ્યા અને એમનો સંબંધ સગા ભાઈ કરતાં પણ વધારે થઈ ગયો. આ મિત્રતા છેવટ સુધી કાયમ રહી. સ્વામી આનંદ તો કહેતા કે ખોળિયાં જુદાં પણ જીવ એક. મહાદેવભાઈનાં પત્ની દુર્ગાબહેન અને નરહરિભાઈનાં પત્ની મણિબહેન જીવ્યાં ત્યાં સુધી સગી બહેનની જેમ રહ્યાં. તે પછી મહાદેવભાઈનો નારાયણ અને નરહરિભાઈનાં વનમાળા-મોહન અત્યારે સગાં ભાઈબહેનની જેમ રહે છે.

૧૯૧૩માં એલએલ.બી. પાસ થયા પછી નરહરિભાઈએ અમદાવાદમાં વકીલાત શરૂ કરી. મહાદેવભાઈના પિતાજીની બદલી આ જ અરસામાં અમદાવાદમાં થઈ એટલે મહાદેવભાઈ પણ અમદાવાદ આવ્યા અને ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં સનદ લીધી. કોર્ટમાંથી છૂટ્યા પછી બન્ને ગુજરાત ક્લબમાં જતા.

રાત્રે જમ્યા પછી બન્ને મિત્રો ભેગા થતા. એ વખતનો સદુપયોગ કરવા બન્નેએ બંગાળી ભાષાનો અભ્યાસ કરવાનું વિચાર્યું. રવીન્દ્રનાથ ટાગોરની બધી કૃતિઓનો અનુવાદ કરવાનો મનોરથ આ દોસ્તોએ સેવ્યો હતો. એમાંથી चित्रांगदा, विदाय अभिशाप અને प्राचीन साहित्यनो અનુવાદ કર્યો પણ ખરો. પણ પછી એમના જીવનનું વહાણ બીજી દિશામાં વળી ગયું ને એ મનોરથ મનમાં જ રહી ગયો.

૧૯૧૫માં ગાંધીજી અને કસ્તૂરબા અમદાવાદ આવ્યાં. પોતાના કેટલાક વકીલ મિત્રો સાથે નરહરિભાઈ ગુજરાત ક્લબમાંથી એક વાર સીધા જ ગાંધીજીને મળવા ગયા. ત્યાં નરહરિભાઈનો પરિચય કરાવતાં શ્રી સોમાલાલ દોશીએ કહ્યું કે, 'વિલાયતમાં જેઠાલાલ પરીખ છે એમના આ ભત્રીજા થાય.' ગાંધીજી એ જાણીને બહુ ખુશ થયા અને કસ્તૂરબાને બોલાવી એમની સાથે પણ પરિચય કરાવ્યો. ગાંધીજી આફ્રિકાથી લંડન ગયેલા ત્યારે જેઠાલાલ પરીખ સાથે એમને ઓળખાણ થયેલી. નરહરિભાઈની ગાંધીજી સાથેની આ પહેલી મુલાકાત.

અમદાવાદ આવ્યા પછી કોચરબ પાસે ભાડાના બંગલામાં ગાંધીજીએ આશ્રમની શરૂઆત કરી. આશ્રમના ઉદ્દેશો અને નિયમાવલિનો એક મુસદ્દો એમણે બહાર પાડ્યો. આશ્રમના નામ વિશે તથા એની નિયમાવલિ વિશે આખા દેશમાંથી મિત્રોના અભિપ્રાય અને ટીકા માગ્યાં. એ મુસદ્દાની થોડી નકલ ગુજરાત ક્લબના ટેબલ પર પણ આવી હતી. નરહરિભાઈ અને મહાદેવભાઈએ એ વાંચી એના પર ટીકા લખી મોકલવાનો વિચાર કર્યો. પહેલાં તો બંનેએ સ્વતંત્ર રીતે લખ્યું પણ પછી બંનેના લખાણમાંથી એક સંયુક્ત કાગળ તૈયાર કર્યો. આ કાગળમાં એ લોકોએ લખ્યું હતું કે, ફરજિયાત બ્રહ્મચર્યથી અનેક દોષો પેદા થવાનો સંભવ છે તથા હાથઉદ્યોગનો જ આગ્રહ રાખવાથી દેશની આર્થિક પ્રગતિ રોકાઈ જવાનો ભય છે. આવી બીજી ઘણી ટીકાઓ એ કાગળમાં કરી હતી અને એમાં પોતાનું પુસ્તકપાંડિત્ય પણ ઠાલવ્યું હતું. પાંચછ દિવસ સુધી કોઈ જવાબ ન આવ્યો એટલે એમણે માન્યું કે ગાંધીજીને એમનો કાગળ મહત્ત્વનો નહીં લાગ્યાં હોય.

આ અરસામાં અમદાવાદમાં પ્રેમાભાઈ હૉલમાં એક જાહેરસભામાં ગાંધીજી ભાષણ કરવા આવેલા. પાછા જતી વખતે નરહરિભાઈ અને મહાદેવભાઈ એમની સાથે થઈ ગયા અને એમણે લખેલા કાગળની વાત કરી. ગાંધીજીએ કહ્યું: 'હા, બે જણની ભેગી સહીવાળો એક કાગળ આવ્યો છે ખરો. એ બે જણ તમે જ કે? હું તમને બોલાવવાનો જ હતો. બીજા કાગળો પણ આવ્યા છે. તેમાં તમારો કાગળ મને ઠીક લાગ્યો છે. વખત હોય તો અત્યારે જ મારી સાથે ચાલો: આપણે વાતો કરીશું'.

બંનેએ રાજી થઈ એમની સાથે ચાલવા માંડ્યું. આશ્રમમાં પહોંચ્યા પછી ગાંધીજીએ એમનો કાગળ કાઢ્યો. વાંચતા ગયા અને વિવેચન કરતા ગયા. લગભગ દોઢ કલાક સુધી પોતાના આદર્શો અને વિચારસરણી સમજાવી. આ આખી વાગ્ધારાની બંનેના મન ઉપર ખૂબ ઊંડી અસર પડી. આ એમની પહેલી દીક્ષા હતી. આશ્રમમાં જોડાવવાના સંકલ્પનો પ્રથમ ઉદય તે દિવસે થયો.

મહાદેવભાઈના પિતાશ્રી નિવૃત્ત થયા એટલે મહાદેવભાઈ અમદાવાદ છોડી ગયા. પણ નરહરિભાઈ વારંવાર ગાંધીજીને મળવા આશ્રમમાં જતા હતા. ઘરના લોકોને એમનું ગાંધીજી તરફનું આકર્ષણ ગમતું નહોતું, કેમ કે એમના પિતા નાની ઉંમરમાં ગુજરી ગયા હતા, તે પછી ઘરની આર્થિક સ્થિતિ થોડી નબળી થઈ હતી. નરહરિભાઈની વકીલાત બહુ સારી ચાલતી હતી, એટલે ઘરનાં બધાંને હતું કે નરહરિભાઈ સારું કમાશે અને ગયેલી જાહોજલાલી પાછી આવી જશે. એમની બાને તો આ જરાય નહોતું ગમતું. પોતાની બાને દૂભવીને ગાંધીજી પાસે જતાં નરહરિભાઈ પણ અચકાતા હતા. ૧૯૧૬માં એમનાં બા ગુજરી ગયાં તે પછી પાકો નિર્ણય લેવાનું એમને માટે સહેલું થઈ ગયું.

સાંજે ગુજરાત ક્લબમાંથી નરહરિભાઈ ગાંધીજીના આશ્રમમાં જતા અને સાંજની પ્રાર્થનામાં જોડાતા. એક રજાને દિવસે સવારે આશ્રમમાં ગયા. ગાંધીજીને કહે: 'મારે લાયક કાંઈ કામ હોય તો કહો.' એમને એમ કે કાંઈ લખવાનું કે અનુવાદનું કામ સોંપશે. ગાંધીજી કહે: 'હા, ખુશીથી આવો, અત્યારે મારે દળવાનો વખત છે. તમે સામે બેસી જાઓ.' આ સાંભળીને નરહરિભાઈ તો હેબતાઈ જ ગયા. દળવાનું કામ તો બૈરાંનું કહેવાય! પુરુષો આવું કામ કરે એ તો એમની કલ્પનામાં જ નહીં. ઘરમાં તો પોતે પાણીનો પ્યાલો પણ હાથે લેવાનું શીખ્યા નહોતા. પોતે માંગ્યું ને ગાંધીજીએ કહ્યું પછી ના કેવી રીતે પડાય? એટલે દળવા બેઠા. એમને કાંઈ ફાવ્યું નહીં ને હાથમાં ફોલ્લા પડી ગયા.

એમનાં પત્ની મણિબહેન આ બધું જોતાં હતાં ને મનમાં મૂંઝાતાં હતાં. ઘરમાં બધાં એમને કહેતાં હતાં કે, 'તું નરહરિને સમજાવ, નહીં તો એ તો બાવો બની જશે અને તું રખડી પડીશ.'

એક દિવસ મણિબહેને નરહરિભાઈને આ બધું શું છે એમ પૂછ્યું. એમણે બધું સમજાવ્યું ને એક રજાને દિવસે એમને લઈને આશ્રમમાં ગયા. ત્યાં જઈને જોયું તો કોઈ પુરુષ દળે, કોઈ કપડાં ધુએ, કોઈ વાસણ માંજે. આ બધું એમને ગમ્યું તો નહીં પણ મણિબહેને

વિચાર કર્યો કે આ બધા ભણેલાગણેલા માણસો આવું કામ કરે છે, મારા વરને પણ આ બધું ગમે છે, તો એની પાછળ કાંઈ સમજ અને હેતુ પણ હશે જ. ત્યાં કસ્તૂરબા અને બીજી એકબે બહેનોને પણ મળ્યાં. તેથી બાવો બની જવાની જે ભડક હતી તે જતી રહી. હિન્દુ નારીના જન્મજાત સંસ્કારે પતિની પાછળ જવાની પોતાની ફરજ છે એવું માનતાં હતાં એટલે પોતે પણ આશ્રમમાં જવા સંમત થયાં.

૧૯૧૭માં ગાંધીજીએ ચંપારણમાં સત્યાગ્રહનો પ્રયોગ કર્યો અને ત્યાં જતાં પહેલાં આશ્રમનાં કામોની સૂચનાઓથી ભરેલો કાગળ એમણે મગનલાલભાઈને લખ્યો. એ કાગળમાં લખ્યું હતું કે, 'ભાઈ નરહરિને આશ્રમની વ્યક્તિ જેવા જ ગણજો. એની ઉપર મારી આંખ ઠરી છે. અમદાવાદનું કાંઈ પણ કામ એમને સોંપતાં સંકોચ રાખશો નહીં.' મગનલાલભાઈએ આ કાગળ નરહરિભાઈને વંચાવ્યો. એમના આનંદનો પાર ન રહ્યો. બા ગુજરી ગયાં હતાં એટલે એમને દુઃખ લાગશે એ પ્રશ્ન રહ્યો નહોતો. કુટુંબીજનો અને સ્નેહીઓને પૂછ્યા વિના જ આશ્રમમાં પહોંચી ગયા. કેમ કે પૂછવા જાય તો સંમતિ નહીં મળે એની એમને ખાતરી હતી. આથી વડીલો નારાજ થયા. 'આવો મોટો નિર્ણય લીધો અને અમને પૂછ્યું પણ નહીં?' એ એમનો વસવસો હતો.

નરહરિભાઈ પહેરવાઓઢવાના બહુ શોખીન હતા. સૂટબૂટમાં સજ્જ રહેતા. સેન્ટપર્ફ્યૂમનો પણ ઘણો શોખ. એક વાર પહેરેલું કપડું ફરી પહેરતાં નહીં. મણિબહેનના પિતાજીની સ્થિતિ સારી હતી ને એ સૌથી મોટાં અને લાડકાં હતાં. ઘરેણાંકપડાંનાં ખૂબ જ શોખીન. કાચા રંગે રંગાવે ને રોજ જુદા જુદા રંગની સાડી પહેરે. ગાંધીજીનું આકર્ષણ કેટલું પ્રબળ હશે ને મનોબળ કેટલું દઢ હશે કે બધું છોડી પહેરેલે કપડે બન્ને નીકળી પડચાં હશે!

૧૯૧૫માં મહાદેવભાઈ અમદાવાદ છોડી ગયા હતા. ૧૯૧૫થી ૧૯૧૭ સુધીનાં બે વરસ દરમિયાન ગાંધીજી સાથે થતી વાતોના લાંબા લાંબા કાગળો નરહરિભાઈ મહાદેવભાઈને લખતા હતા ને એમના મિત્રમંડળમાં

એ રસથી વંચાતા હતા.

ગાંધીજીને ચંપારણ જિલ્લો છોડીને જવાની નોટિસ મળી, તે વખતે એમણે આશ્રમના થોડા કાર્યકર્તાઓને ચંપારણ બોલાવ્યા. નરહરિભાઈ અને મણિબહેન ચંપારણ ગયાં. મહાદેવભાઈ ગાંધીજી પાસે જવા બહુ ઉત્સુક હતા. પણ એમના પિતાજી રજા નહોતા આપતા એટલે એ અટકયા હતા. એમના પિતાજીએ જોયું કે ન જવાથી મહાદેવ ઘણા દુ:ખી રહે છે એટલે એમણે ગાંધીજી સાથે જોડાવાની રજા આપી. તે વખતે ગાંધીજી ચંપારણ હતા એટલે મહાદેવભાઈ અને દુર્ગાબહેન ચંપારણ આવી પહોંચ્યાં.

ચંપારણમાં બાબાપુજી અને બીજાં બધાં સાથે રહેતાં હતાં. મણિબહેન અને દુર્ગાબહેન રસોઈ કરતાં. એની વાત કરતાં મણિબહેન કહેતાં કે, 'તે વખતે બાપુજીનો ખોરાક બહુ સારો હતો. બે વાટકી દાળ, બે વાટકી ચોખા ને બે વાટકી લોટ એમને જોઈએ. બે વાટકી લોટમાંથી ચાળીસ રોટલી બને. બિહારમાં દહીં બહુ સરસ મળે, રીંગણ પણ કાળાં અને મોટાં મળે, બાપુજી કહે, 'આવું સરસ દહીં ને રીંગણ મળે છે ને તમને રીંગણનું ભરત કરવાનું મન નથી થતું?' ચટણી તો રોજ કરાવે જ. બે આને ડઝન કેળાં મળે તે પણ રોજ બે ડઝન મંગાવે. બાપુજી ખાવાના બહુ શોખીન.

મોતીહારી ગયાં ત્યારે ત્યાં ખૂબ ઠંડી હતી. આ લોકો પાસે ઓઢવા માટે એક એક ધાબળા સિવાય કાંઈ હતું નહીં. મણિબહેન અને દુર્ગાબહેન ભેગાં સૂઈ જાય અને મહાદેવભાઈ અને નરહરિભાઈ ભેગા સૂઈ જાય, એકબીજાની હૂંફ મળે તે માટે. બધાં સૂઈ જાય પછી ગાંધીજી એમને છાપાં ઓઢાડે, ને કહે કે, તમને ખબર નહીં હોય, છાપાંથી ખૂબ હૂંફ વળે છે.' પોતે પણ છાપાં ઓઢીને સૂએ.

મોતીહારીમાં આ ચાર જણ ને બાપુજી થોડા દિવસ સાથે રહ્યા પછી બાપુજીને કલકત્તા કૉંગ્રેસમાં જવાનું થયું. મહાદેવભાઈને પોતાની સાથે લઈ ગયા અને નરહરિભાઈ, મણિબહેન અને દુર્ગાબહેનને ત્યાં જ મૂકી ગયા. જતી વખતે ગાંધીજી મણિબહેનને કહે કે, 'આપણે

તો અસ્તેયવ્રત પાળનારાં છીએ. છતાં તને કહું છું કે લોકોના ઘરમાં જજે, બહેનોને મળજે અને એ લોકોનાં દિલ અને પ્રેમ ચોરી લેજે.' મણિબહેનને હિન્દીનો એક શબ્દ આવડે નહીં એટલે કાંઈ વાતચીત થઈ શકે એમ તો હતું નહીં. મણિબહેન-દુર્ગાબહેન લોકોનાં ઘરમાં જાય, છોકરાંઓને લઈને કૂવા પર જાય, એમને નવડાવે, કપડાં ધુએ અને માથું ઓળી આપે. છોકરાંઓની માને થાય કે આ કેવી બહેનો આવી છે કે છોકરાંઓને સાફસૂથરાં કરી આપે છે? આ બંનેને ગાંધીજીની બબુઆ કહે. બિહારમાં લોકો ગરીબ અને આળસુ. પાણીની તંગી એટલે મહિનાઓ સુધી નહાય નહીં ને માથું પણ ન ઓળે.

ચંપારણમાં બેત્રણ મહિના રહી બંને આશ્રમમાં પાછાં આવ્યાં. રાષ્ટ્રીય શિક્ષણ કેવું હોવું જોઈએ એનો આદર્શ ગાંધીજી રજૂ કરવા માગતા હતા. કાકાસાહેબ, કિશોરલાલભાઈ, પંડિતજી, નરહરિભાઈ બધા આ વિશે ગાંધીજી સાથે વારંવાર ચર્ચા કરતા હતા. દરેક જણને પોતાના જુદા જુદા ખ્યાલો પણ હતા. પણ એને કેટલા અમલમાં મૂકી શકાય એમ છે એ વિશે તો પ્રયોગ જ કરવાનો હતો.

એક વખત દસબાર વિદ્યાર્થીઓ સાથે કાકાસાહેબ, કિશોરલાલભાઈ, નરહરિભાઈ વગેરે શિક્ષણ અર્થે આબુના પ્રવાસે નીકળ્યા. તે વખતે સાદાઈ અને સ્વદેશીના ખ્યાલ જુદા જુદા, એટલે દરેકનો પહેરવેશ પણ જરા વિચિત્ર લાગે એવો જ હતો. ધર્મશાળામાં રહેવાનું એટલે સામાનમાં ડોલ, તપેલાં, તાવેથો અને બિસ્તરા પણ હતાં. રસ્તે જતાં બેચાર ગ્રામવાસીઓ મળ્યા, તે પૂછે: 'કેમ ભાઈ, આજે કયે ગામ ખેલ પાડવાના છો?' એ લોકોને એમ લાગ્યું હશે કે આ લોકો નાટક કરવાવાળા અથવા ભવાઈ કરનારા હશે!

અમદાવાદ શહેરથી આશ્રમ દૂર હતો, એટલે અનાજ અને બીજી ચીજવસ્તુઓ લઈ આવવા માટે બળદનો એક્કો રાખ્યો હતો. મણિબહેનને હિસાબકિતાબનો, ચીજવસ્તુ વ્યવસ્થિત રાખવાનો શોખ એટલે આશ્રમનો કોઠાર માટે ભાગે એ જ સંભાળતાં. એક દિવસ માલસામાન લેવા

માટે એક્કામાં બેસી મણિબહેન શહેરમાં ગયાં. એક્કો ગાંધીજીના આફ્રિકાના મુસલમાન સાથી ઈમામસાહેબ ચલાવે. શહેરમાં એક્કો ફરે ને લોકો કુતૂહલથી એની સામે જોઈ રહે. મનમાં વિચારે કે, 'ગાડી ચલાવનાર મુસલમાન છે ને અંદર બેઠેલી બાઈ હિન્દુ છે. આ કોણ હશે? શું હશે?' પછી ખબર પડી કે આ તો ગાંધીજીના આશ્રમની ગાડી છે.

નરહરિભાઈનું આશ્રમજીવન કેવું હતું તે વિશે છગનલાલભાઈ જોપીએ લખ્યું છે તે જ આપણે જોઈએ:

'પહેલી વાર આશ્રમમાં ગયો ત્યારે નદીએથી પાણીની બે ડોલ ઊંચકી ભેખડ ચડતા નરહરિભાઈને જોયા. એ મોટા સાક્ષર છે અને બી.એ., એલએલ.બી. થયા છે એવું સાંભળ્યું હતું. આટલું ભણ્યા પછી આશ્રમની પ્રાથમિક શાળાના શિક્ષક તરીકે જોડાયા છે તે જાણી આશ્ચર્ય થયું.

'નરહરિભાઈ અને મણિબહેન આશ્રમમાં સાથે રહેતાં હતાં ત્યારે જ વનમાળાનો જન્મ થયો હતો. આશ્રમમાં સંસારી પણ રહી શકે છે તે જોઈ મારા મનમાં જે મોટી ગડમથલ ચાલતી હતી તે શાંત થઈ.

'શાળામાં કેમ ભણાવવું, સ્વચ્છતા કેવી રીતે જાળવવી, મકાનમાં જાળાં કેવી રીતે પાડવાં, કપડાં કેમ ધોવાં, એ બધું હું નરહરિભાઈના જીવનમાંથી શીખ્યો છું.

'દીકરાદીકરીનાં મળમૂત્ર સાફ કરવાં એ માતાનું જ કામ છે એમ સમજતો હતો પણ નરહરિભાઈનું જીવન જોઈને પિતાએ પણ સંતાન ઉછેરવામાં હલકાં ગણાતાં કામ ગૌરવપૂર્વક કરવાં જોઈએ એમ હું પહેલી વાર એમની પાસેથી શીખ્યો.'

૧૯૨૨માં ગાંધીજીને છ વરસની સજા થઈ ને તેઓ જેલમાં ગયા. આની અસર આશ્રમના સાથીદારો પર પણ ખૂબ થઈ. એમને થયું કે આશ્રમની સલામત જગ્યા પર બેસી છોકરાં ભણાવવાં એ આપણને શોભતું નથી. નરહરિભાઈને લાગ્યું કે લડતમાં સક્રિય ભાગ લેવાનો ન હોય તો ગાંધીજી જે રીતે ગામડાંનો પુનરુદ્ધાર કરવા

ઈચ્છે છે તે રીતે, ગામડાં સજીવન બને તે માટે રચનાત્મક કામ કરવું જોઈએ. આથી તેઓ ૧૯૨૩માં બારડોલી પાસેના સરભોણ ગામે રહેવા ગયા.

ત્યાં એક પણ પાકું મકાન હતું નહીં એટલે શરૂમાં આંબાના એક મોટા ઝાડ નીચે જ ધામો નાખ્યો. પાસે પતરાંની એક નાનકડી ઓરડી જેવું બનાવ્યું તેમાં રસોઈ કરતા. સરભોણનું જીવન એક રીતે ઘણું કષ્ટદાયક હતું.

નરહરિભાઈ સરભોણ આવ્યા પછી મકનજીભાઈ દેસાઈ, ઉત્તમચંદ શાહ, છગનલાલ જોષી, ડૉ. ત્રિભોવનદાસ શાહ, છોટુભાઈ દેસાઈ, ઈશ્વરભાઈ અમીન વગેરે ગામડાની સેવા કરવાની ધગશ ધરાવતા જુવાનો એમની સાથે જોડાયા. જુગતરામભાઈ પણ ઘણા વખતથી ગામડામાં જઈને વસવાનો વિચાર કરતા હતા એટલે એ પણ સરભોણ આવી વસ્યા. આમ સરભોણમાં કાર્યકર્તાઓનું મંડળ જામી ગયું. આવા ભણેલાગણેલા લોકોને પાયખાનાનાં ખાડા ખોદતા, ઘરમાં લીંપણગૂંપણ કરતા ને રસોઈમાં બહેનોને મદદ કરતા જોઈને ગામના લોકોને ઘણી નવાઈ લાગતી હતી. આ જાતનું ગ્રામજીવન તે વખતે નવું નવું હતું. થોડા વખતમાં સરભોણ આશ્રમનું એક મોટું મકાન બંધાઈ ગયું હતું. એની બાજુમાં લાંબી ચાલ જેવું બાંધી ત્યાં વણાટશાળા શરૂ કરી.

સરભોણ આશ્રમની આખી મંડળી એક કુટુંબની જેમ રહેતી હતી. ઉત્તમચંદભાઈ, છોટુભાઈ, ઈશ્વરભાઈ ઊગતા જુવાન હતા. એ ત્રણેય મણિબહેનને રસોઈ અને બીજાં બધાં કામોમાં મદદ કરતા હતા. એ ત્રણે મણિબહેનના પહેલા ખોળાના દીકરા થઈ ગયા હતા, ને એ સંબંધ છેવટ સુધી જળવાયો હતો.

સરભોણ ગામ પાસે દૂબળા-હળપતિઓનું એક ફળિયું હતું. હળપતિ એટલે પાટીદાર ખેડૂતોને અને જમીનમાલિકોને લગભગ વેચાઈ ગયેલા ગુલામ. નરહરિભાઈને વિચાર આવ્યો કે, હળપતિઓનાં ઝૂંપડાંમાં જઈ એ લોકોને અક્ષરજ્ઞાન આપવું. જુવાન હળપતિઓને આમાં બહુ રસ પડી ગયો. તેઓ મોડે સુધી ભણવા લાગ્યા અને આશ્રમમાં

આવી બધાંની સાથે ભજનો ગાતાં શીખ્યા. દિવસે કામે જાય ત્યારે બાળપોથી સાથે લેતા જાય અને નવરા પડે ત્યારે ઝાડને છાંયે બેસી વાંચે. ખેડૂતોને થયું કે ઢોરની જેમ કામ કરનારા આ ગુલામો ભણશે તો પછી એમની ઉપર ગુજરતા અન્યાય સામે એમની આંખ ઊઘડશે. તો પછી ઓછી મજૂરીએ ખેતરમાં મહેનત કરનાર મળશે નહીં. એટલે એમણે દૂબળાઓને ધમકી આપી ભણવા જવાનું બંધ કરાવ્યું.

નરહરિભાઈએ ગામના આગેવાનોને બોલાવી સમજાવ્યું કે આવું કરવું તમને શોભતું નથી. પણ એ લોકો પોતાના પેટ પર પાટુ પડવા જેવી આ વાતમાં નમવા તૈયાર નહોતા. આ નિર્દોષ શિક્ષણપ્રવૃત્તિ બંધ કરાવી એટલે નરહરિભાઈ એની સામે ઉપવાસ પર ઊતર્યા.

આશ્રમમાં હાહાકાર થઈ ગયો. મણિબહેન બધી હાડમારી વેઠવા તૈયાર હતાં. પણ પતિ ભૂખ્યા રહે એ એમને માટે અસહ્ય હતું. છતાં એ લાચાર હતાં. સરભોણ ગામમાં પણ બધાં ખળભળી ઊઠચાં. આવી બાબત પર માણસ ઉપવાસ કરે એ એમની સમજમાં નહોતું આવતું. પણ જો દૂબળાને ભણવા દે તો એમની ખેતીવાડી બંધ પડી જાય એટલે એ લોકો તરત માન્યા નહીં. નરહરિભાઈના ઉપવાસથી ગુજરાતના સાથીઓ ચિંતામાં પડચા ને ઠેકઠેકાણેથી કાગળો અને તાર આવવા લાગ્યા. સરદાર વલ્લભભાઈ સમજી ગયા કે આ વાત તાર-કાગળોથી પતે એમ નથી. એટલે સાતમે દિવસે જાતે જ સરભોણ આવી પહોંચ્યા. ગામના પાટીદારો એમને મળવા આવ્યા ને કહે: 'અમે કયાં નિશાળ ચલાવવાની ના પાડી છે? આ તો દૂબળાઓ ખેતરમાં ચોપડી લઈને બેઠા હશે એટલે કોઈ બોલ્યું હશે.' સરદારની હાજરીથી ખેડૂતો શરમાયા અને ઉપર ઉપરથી કહ્યું કે, 'અમે વાંધો નહીં ઉઠાવીએ.' ઉપવાસ તો છૂટચા પણ દૂબળાઓ ફરી ભણવા બેઠા નહીં.

નરહરિભાઈને સરભોણ ગયે હજી એક જ વરસ થયું હતું. ગામલોકો સાથે હજી પૂરી એકતા સધાઈ નહોતી. એવી પરિસ્થિતિમાં ઉપવાસ કરવામાં ભૂલ થઈ છે એમ ગાંધીજીને લાગ્યું. આ વાત નરહરિભાઈએ

પણ સ્વીકારી.

આ પછી થોડા વખતમાં વનમાળા અને મોહનને બળિયા નીકળ્યા. બળિયા માટેની રસી વાછરડામાંથી કાઢવામાં આવે છે તેથી એમાં હિંસા છે, એટલે રસી મુકાવવી જોઈએ નહીં એમ ગાંધીજી માનતા હતા. તેથી આશ્રમના કોઈ બાળકને બળિયા ટંકાવતા નહીં.

વનમાળાને ખૂબ સખત બળિયા નીકળ્યા હતા અને મોહનને હલકા હતા. પંદર દિવસ સુધી રાતદિવસ જાગીને નરહરિભાઈ અને મણિબહેને એટલી કાળજીભરી માવજત કરી કે સખત બળિયા હોવા છતાં વનમાળાને મોં કે શરીર પર એકે ડાઘ રહ્યો નહીં. તે વખતે એવી માન્યતા હતી કે માતા નમાવે નહીં ત્યાં સુધી બાળકે તો શું પણ એની માએ પણ નહાવાનું નહીં. ગામના લોકો જોવા આવતા હતા. એમને થતું કે આવી સફાઈ કરે છે ને પોતે પણ નહાય છે તે માતા કોપાયમાન થયા વિના રહેવાનાં નથી. પણ માબાપની કાળજીભરી સારવારથી બંને છોકરાં કશી ખોડખાંપણ વિના સાજાં થઈ ગયાં.

હળપતિ ને ખેડૂતો સાથેના અનુભવ પરથી નરહરિભાઈ તથા એમના સાથીઓ જુગતરામભાઈ, ઉત્તમચંદભાઈ વગેરેને લાગ્યું કે જો સુરત જિલ્લામાં શિક્ષણનું કામ કરવું હોય તો દૂબળા-હળપતિઓને કેન્દ્રમાં રાખીને જ થઈ શકે. એમાંથી એમને રાનીપરજના વિદ્યાર્થીઓનું વિદ્યાલય ખોલવાની કલ્પના આવી ને જુગતરામભાઈએ સુરત જિલ્લામાં વેડછીમાં થાણું નાખ્યું.

સુરતના પાટીદાર આશ્રમમાં એક રાષ્ટ્રીય શાળા ચાલતી હતી. ત્યાંનું કામ રેઢિયાળ થઈ ગયું હતું એટલે ત્યાંના વ્યવસ્થાપકોએ નરહરિભાઈને કહ્યું કે, 'તમે અહીં આવો અને વિદ્યાલયને વ્યવસ્થિત કરી આપો. સરભોણથી નરહરિભાઈ સુરત ગયા અને શાળા સંભાળી લીધી.'

નરહરિભાઈ સુરત રહેતા હતા એ જ અરસામાં ગાંધીજીના બીજા દીકરા મણિલાલભાઈનાં લગ્ન કિશોરલાલભાઈની ભત્રીજી સાથે આકોલામાં થયાં. લગ્ન કરીને ગાંધીજી અને બીજા છસાત જણ સુરત આવ્યાં. પહેલેથી ખબર આપ્યા હતા એટલે નરહરિભાઈ સ્ટેશને જઈ બધાંને

પાટીદાર આશ્રમમાં લઈ આવ્યા. જમવાનું સાદું કરવું એવો ગાંધીજીનો હુકમ હતો. સાંજનું જમવાનું હતું એટલે સૂપ, વઘારેલો ભાત, પાપડીના લીલવાનું શાક અને લાપસી કર્યાં. ગાંધીજી માટે ફળ અને દૂધ રાખ્યાં હતાં. તે વખતે ગાંધીજીએ બીજું બધું ખાવાનું છોડી દીધું હતું. બા બાપુજીને કહે: 'મણિબહેને તો લાપસી પણ કરી.' મણિબહેન કહે: 'ભાઈ પરણીને આવે તો ગળ્યું મોં તો કરાવવું જ જોઈએ ને?' બાપુજી કહે: 'તું જબરી છે. લાપસી કરી અને સાદું પણ રાખ્યું. બંને બાજુથી સંભાળી લીધું!'

એકાદ વરસ સુરત રહ્યા હશે ત્યાં ગુજરાત પર રેલસંકટ આવી પડ્યું. વડોદરા, ખેડા, અમદાવાદ જિલ્લામાં એકસામટો ૭૦ ઇંચ વરસાદ પડી ગયો. એક સુરત જિલ્લો બચી ગયો હતો. વિશ્વામિત્રી કે ઢાઢર જેવી નદીઓ આ વરસાદ માટે બહુ સાંકડી પડી. નદીઓ ઊભરાઈ ને આસપાસનાં ખેતરો અને ગામડાંઓમાં પાણી ફરી વળ્યાં. સેંકડો ઢોરો તણાઈ ગયાં ને કેટલાંક ગામો આખાં ને આખાં પાણીથી પલળીને બેસી ગયાં ને તારાજ થઈ ગયાં.

ખેડાના કલેક્ટરે અમદાવાદના કલેક્ટર પર સંદેશો મોકલ્યો કે આખું ખેડા પાણી નીચે છે, મારે શું કરવું? અમદાવાદના કલેક્ટરે સરદારને વાત કરી, કેમ કે સરકારી કામકાજમાં તો બધી વિધિ પતાવતાં વાર થાય જ. સરદાર પાસે અનુભવી સ્વયંસેવકો તૈયાર જ હતા. એમણે સંકટનિવારણનું કામ હાથમાં લીધું ને રાહતકાર્ય શરૂ કરી દીધું.

મણિબહેન અને છોકરાંઓને આશ્રમમાં મૂકી નરહરિભાઈ સરદારની મદદે પહોંચી ગયા. એમણે માતરમાં પોતાનું થાણું નાખ્યું. ત્યાં સૌથી વધારે નુકસાન થયું હતું. કોઈ કોઈ ઠેકાણે તો એટલાં પાણી ભરાઈ ગયાં હતાં કે તરીને જ ત્યાં પહોંચી શકાય. નરહરિભાઈને તરતાં સરસ આવડતું હતું તે આ વખતે કામ લાગ્યું.

હજી તો રેલસંકટમાંથી પૂરાં પરવાર્યા નથી ત્યાં તો ૧૯૨૮માં બારડોલી સત્યાગ્રહનાં નગારાં વાગવા માંડ્યાં. બારડોલી સત્યાગ્રહ પૂરો થયા પછી ખેડૂતોએ કેટલું મહેસૂલ ભરવું તે નક્કી કરવા માટે

એક કમિટી નીમવામાં આવી. સરકાર તરફથી ન્યાયખાતાના અમલદાર બ્રુમફિલ્ડ અને રેવન્યુ ખાતાના અમલદાર મૅક્સ્વેલને નીમવામાં આવ્યા. લોકો તરફથી હકીકત રજૂ કરવાનું કામ સરદારે મહાદેવભાઈ અને નરહરિભાઈને સોંપ્યું હતું. આપણા લોકોનાં પત્રકો અને બીજી તૈયારી જોઈને અમલદારોને અદેખાઈ થતી. એ લોકો કહેતા કે, 'તમારા જેવી તૈયારી અમારી પાસે નથી. તમને તો આખો તાલુકો મદદ કરવા તૈયાર છે.' ખેડૂતોના આવકખર્ચનો હિસાબ કરવા માટે નરહરિભાઈએ યોજેલી પદ્ધતિ સરકારે મંજૂરી રાખી અને એને 'પરીખ યુનિટ' નામ આપ્યું. સરકારી કમિટીએ મહાદેવભાઈ તથા નરહરિભાઈનાં મુક્તકંઠે વખાણ કર્યાં.

બારડોલીનું કામ પૂરું કરી નરહરિભાઈ અમદાવાદ આવ્યા અને ગૂજરાત વિદ્યાપીઠમાં મહામાત્રની જવાબદારી સ્વીકારી. સરકારી કૉલેજો છોડીને આવેલા તેજસ્વી વિદ્યાર્થીઓમાં વિદ્યાપીઠનું ઘણું આકર્ષણ હતું. એ વિદ્યાર્થીઓ પણ કેવા? ઉમાશંકર જોશી, ઝીણાભાઈ દેસાઈ (સ્નેહરશ્મિ), નગીનદાસ પારેખ, દિનકર મહેતા, ભોગીલાલ ગાંધી, કપિલરાય મહેતા, મૃદુલા સારાભાઈ, ઈન્દુમતી ચીમનલાલ વગેરે. આજની નામાંકિત વ્યક્તિઓ તે વખતના ઉત્સાહી તરુણો હતા. નરહરિભાઈનો વિદ્યાર્થીઓ સાથે એકરૂપ થઈ જવાનો સ્વભાવ, તેમની વિનોદવૃત્તિ અને વ્યવહારકુશળતાને કારણે વિદ્યાર્થીઓમાં એ બહુ પ્રિય થઈ પડ્યા હતા. એમના જ એક વિદ્યાર્થી કપિલરાય મહેતાએ નરહરિભાઈનાં સ્મરણો લખતાં કહ્યું છે કે,

> 'વિદ્યાપીઠનું તે વખતનું વાતાવરણ જ એવું હતું કે કૉલેજ કે હૉસ્ટેલમાં રહેતા હોઈએ એવું લાગતું નહીં. નરહરિભાઈના આશ્રમજીવનના આદર્શોથી રંગાયેલા, સાદા પણ ઉલ્લાસભર્યા ગૃહજીવનમાંથી વિદ્યાર્થીઓને પોતાના ભાવિ જીવનની પ્રેરણા મળતી. નાનું, તદ્દન સાદું, સુઘડ ઘર અને એવી જ સાદી સુઘડ અને જાતમહેનતથી ભરેલી રહણીકરણી. કુટુંબજીવનમાં કશું ખાનગી નહીં. જાણે બધાંની નજર હેઠળ જીવનવિજ્ઞાનનો એક પ્રયોગ ચાલતો હોય.

'નરહરિભાઈ ઘરકામ માટે નોકર રાખતા નહીં. એક વખત મણિબહેન માંદાં પડ્યાં. નરહરિભાઈ કૂવા પર નાનાં વનુ-મોહનને નવડાવવા અને કપડાં ધોવા આવતા. કેટલાક વિદ્યાર્થીઓને આ જોઈ આશ્ચર્ય થતું ને કેટલાક ટીકાવૃત્તિથી પણ જોતા. સંપૂર્ણ નિખાલસતાથી તેઓ કહેતા કે, 'એમાં નવાઈ શા માટે? રોજ મારાં કપડાં એ ધુએ છે, એ માંદાં હોય ત્યારે એમનાં કપડાં ધોવાની મારી ફરજ છે.'

'નરહરિભાઈની વિનોદવૃત્તિ બધાંને આકર્ષતી. તેઓ સાચું હસતા, ખુલ્લા મને હસતા. અભ્યાસવર્ગોમાં પણ એમની વિનોદવૃત્તિ ચમકારા મારી જાય. મોટી ઉંમરના સ્નાતક-વર્ગના વિદ્યાર્થીઓને ઉદ્યોગમાં બે કલાક કાંતણ, વણાટ કે સુથારીકામ કરવું ગમતું નહીં. અમારા સુથારીવર્ગમાં અશ્રદ્ધાથી રંધો ફેરવનારાઓએ એક શ્લોક રચેલો, અલબત્ત સુથારી સંસ્કૃતમાં જ.

उद्योगे कु तो विद्या? वृथा न. द्रा.* उद्देश्यति।
किन्तु कदाचित कुप्यते न. द्रा., यद्रा तद्रा भविष्यति॥

'ગાંધીજીની દાંડીકૂચના સૈનિકો પહોંચે તેના પહેલાં ચોવીસ કલાક આગળ પહોંચી સૈનિકોની જમવા-રહેવાની વ્યવસ્થા કરવા વિદ્યાપીઠની દસ-દસ સૈનિકોની બે અરૂણ ટુકડીઓ પસંદ કરવામાં આવી હતી. આ પ્રસંગ શબ્દમાં વર્ણવી ન શકાય એવી લાગણી જન્માવતો હતો. પોતાની માતા જ વિદાય આપી રહી હોય એવા વાત્સલ્યભાવથી મણિબહેન કંકુના ચાંદલા કરી આશીર્વાદ આપતાં હતાં. અમે જ્યારે નરહરિભાઈને પ્રણામ કર્યા ત્યારે એમનું વાત્સલ્ય અને આનંદ દ્રવીને પાંપણે ડોકાયાં. સૌના પ્રિય એ દંપતીના વાત્સલ્યનો પ્રસંગ આજે પણ સ્મૃતિ પર અંકિત થયેલો છે અને ધન્યતા અનુભવાય છે.''

---

* ન. દ્રા. એટલે નરહરિ દ્રારકાદાસ.

ગાંધીજીએ અંગ્રેજ સરકાર સાથે લડાઈ માંડી મીઠાના કાયદાનો સવિનયભંગ કરવાનો સંકલ્પ કર્યો. વલસાડ પાસે ધારાસણા ગામે મીઠાના અગર હતા, ત્યાં જઈ સરકારી મીઠાની લૂંટ કરવાનું નકકી કર્યું.

પણ મીઠાની લૂંટ' કરવા તેઓ ધારાસણા પહોંચે ત્યાર પહેલાં જ ગાંધીજીને સરકારે મધરાતે પકડી લીધા. એવું નકકી કરવામાં આવ્યું હતું કે સરકાર પકડતી જાય એમ એમ એક એક ટુકડીએ ત્યાં પહોંચવાનું અને સત્યાગ્રહ ચાલુ રાખવાનો. એક ટુકડીના નેતા તરીકે નરહરિભાઈ આગળ ધસ્યા. એ જેવા આગળ વધ્યા કે એમની ઉપર લાઠીનો વરસાદ વરસ્યો. સૌથી પહેલાં એમના પગ પર લાઠી મારી, પછી એમના વાંસામાં લાઠી મારી ને છેવટે એમનું વાળ વગરનું માથું ફોડયું. આખું માથું અને શરીર લોહીથી રંગાઈ ગયાં. બાજુમાં આવેલી ખારા પાણીની ખાઈમાં તેઓ પડયા. કોઈની નજર એમના પર પડી ને એમને બહાર કાઢયા. એ બેભાન થઈ ગયા હતા. માથા પર ચાર ઇંચનો મોટો ઘા પડેલો હતો ને તેમાં ગંદું પાણી ભરાઈ ગયું હતું. ડૉ. ભાસ્કર પટેલ સૈનિકોની સારવારમાં હતા. એમણે બેત્રણ ઇંજેક્ષનો આપ્યાં. વખતસર સારવાર મળી ગઈ તેથી એ બચી ગયા, નહીં તો ત્યાં જ ખલાસ થઈ ગયા હોત.

બીજે દિવસે એમને પકડીને નાસિકની જેલમાં લઈ ગયા.

મીઠા સત્યાગ્રહમાં બહેનો ન જોડાય એવી ગાંધીજીની ઇચ્છા હતી. બહેનોએ વિદેશી કાપડની દુકાનો અને દારૂનાં પીઠાં પર પિકેટિંગ કરવું એવો વિચાર હતો.

નરહરિભાઈએ ધારાસણા જવાનું નકકી કર્યું, તેની સાથે જ મણિબહેને દારૂનાં પીઠાં પર જઈ પિકેટિંગ કરવાનું નકકી કર્યું. સાબરમતી સ્ટેશન પાસે રામનગર ગામે દારૂની એક મોટી દુકાન હતી. વનમાળા-મોહનને આશ્રમમાં દુર્ગાબહેન પાસે મૂકી મણિબહેન પિકેટિંગ કરવા ગયાં. પીઠું ઘણું મોટું હતું. રેલવે કામદારો વચ્ચે રહીને પીઠાવાળો ઘણો રીઢો થઈ ગયો હતો, તે જમાનાનો ખાધેલો હતો. શરૂમાં બહેન, બહેન, કરીને મીઠી મીઠી વાતો કરવા લાગ્યો. 'હું તો દારૂ વેચીશ

જ નહીં' એમ કબૂલ કર્યું. મણિબહેનને કાંઈ અનુભવ નહોતો. પણ બે દિવસ પછી જરા ધ્યાનથી જોતાં ખબર પડી કે આગળની બાજુ એકે માણસ આવતો નહોતો, પણ પાછલે બારણે તો પીઠું પહેલાંના જેવું ધમધોકાર ચાલતું હતું. ત્યાં જુવાન સ્ત્રીએ આખો દિવસ અને મોડી રાત સુધી એકલાં બેસવું જોખમભરેલું હતું. પણ મણિબહેન હિંમત રાખીને બેસી રહ્યાં ને લોકોને નિષ્ફળ સમજાવતાં રહ્યાં.

દસબાર દિવસ પછી ઊડતા ખબર આવ્યા કે ધારાસણામાં બધાંને ખૂબ માર મારે છે ને પકડી લે છે. નરહરિભાઈ બેભાન થઈ ગયા હતા તે કોઈએ જોયું હશે તે એવા ખબર લાવ્યા કે નરહરિભાઈ ગુજરી ગયા છે. આ સાંભળીને મણિબહેનના મનની હાલત કેવી થઈ હશે એની તો કલ્પના જ કરવી રહી. એ એટલાં મક્કમ અને દૃઢનિશ્ચયી કે પીઠું છોડીને ગયાં નહીં ને માનસિક વેદના અનુભવતાં રહ્યાં.

બેચાર દિવસ પછી ખબર આવ્યા કે નરહરિભાઈને ખૂબ સખત લાઠીમાર પડ્યો છે અને એમને નાસિકની જેલમાં લઈ ગયા છે. આ ખબર લઈને દુર્ગાબહેન જાતે જ મણિબહેન પાસે ગયાં. આટલા દિવસ પોતે કેવી વેદનામાં કાઢ્યા છે એની વાત પોતાની બહેનપણી પાસે કરી ને આટલા દિવસની સાચવી રાખેલી હિંમત જતી રહી. એ ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યાં.

વનમાળા-મોહનને લઈ મણિબહેન નાસિક જેલ ગયાં. પહેલે દિવસે મુલાકાત થઈ ત્યારે હાથેપગે પાટા ને માથા પર મોટી પાઘડી બાંધી હોય એવા પાટા સાથે જેલની ભૂરી ચોકડીવાળા ચડ્ડી અને બાંડિયું પહેરેલા નરહરિભાઈ પોલીસના ટેકાથી ધીમે ધીમે ચાલતા સામેથી આવતા દેખાયા. ત્રણે જણ એમને જોઈને રડી પડ્યાં.

ધારાસણામાં ખૂબ સખત માર પડ્યો હતો ને તે પછી '૩૨ની સાલમાં બેલગામ જેલમાં એમની ઉપર ખૂબ ત્રાસ ગુજારવામાં આવ્યો હતો. જેલમાંથી છૂટ્યા ત્યારે ઓળખી ન શકાય એટલા પાતળા અને કાળા પડી ગયા હતા. એમનું સશક્ત શરીર ત્યારથી ભાંગી

130238



પડચું.

૧૯૩૩માં ગાંધીજીએ સાબરમતી આશ્રમ વિખેરી નાખ્યો ત્યારે નરહરિભાઈ અને મણિબહેન બંને જેલમાં ગયાં. નાનાં બાળકો, પતિ અને ઘર મૂકીને જેલમાં જવું પુરુષો કરતાં સ્ત્રીઓ માટે વધારે વસમું હોય છે. મણિબહેન કહે છે કે: 'જેલમાં જતાં પહેલાં નરહરિભાઈએ મને એક સૂત્ર શીખવ્યું હતું:

*કમ ખાના ઔર ગમ ખાના,*
*તબ કટેગા જેલખાના.*

જેલનાં રોટલા-દાળ વધારે ખવાઈ જાય તો પેટ બગડે, ત્યાં કોણ સારવાર કરે? ને જેલમાં સૌને મુશ્કેલી તો પડતી જ હોય. કોઈ અકળાયેલું હોય તે કંઈ બોલી જાય તો આપણે એ ગળી જવાનું, ગમ ખાઈ જવાની, ને મનથી ખુશ રહેવાનું.

૧૯૩૦ની સાલથી નરહરિભાઈ લગભગ જેલમાં જ રહેતા હતા. ૧૯૩૩માં મણિબહેન પણ જેલમાં ગયાં, ને છોકરાંથી છૂટાં પડચાં. વનમાળા મોટી થતી જતી હતી. એટલે નરહરિભાઈએ જેલમાંથી એને કાગળો લખ્યા. એની શરૂઆત એવી રીતે કરી હતી કે, 'તમે જ્યારે નાનાં હતાં ત્યારે તમને કેમ નહાવું? કેમ દાતણ કરવું? વગેરે અમે શીખવતાં હતાં. તેવી જ આજે એક બીજી વાત વિશે તને લખું છું. એમાં શરમ રાખવા જેવું કશું નથી.' એ કાગળોમાં તારુણ્યમાં પ્રવેશતી કન્યાને બહુ જરૂરી સલાહસૂચનો આપવામાં આવ્યાં હતાં. कन्याने पत्रो નામે એ પુસ્તકરૂપે છપાયા છે. ગુજરાતીમાં આ વિષયનું આ પહેલું પુસ્તક હતું. ગાંધીજી અને મહાદેવભાઈએ આ પુસ્તક જોયું પછી એમણે પણ એમાં એક એક પ્રકરણ ઉમેરી આપ્યું.

૧૯૩૪માં સરકારે એક પછી એક રાજકીય કેદીઓને છોડવા માંડચા. તેમાં મણિબહેન અને નરહરિભાઈ પણ છૂટી ગયાં. આશ્રમ તો વિખેરી નાખ્યો હતો એટલે ક્યાં રહેવું એ પ્રશ્ન થયો. ભદ્રમાં આવેલા કૉંગ્રેસ હાઉસમાં તે વખતે ઉપરનો માળ ખાલી હતો, એટલે સરદારે

એમની ત્યાં કામચલાઉ રહેવાની વ્યવસ્થા કરી.

કૉંગ્રેસ હાઉસમાં રહ્યાં એ સમય ઘણો ધમાલમાં ગયો. એક પછી એક છૂટતા જતા કાર્યકર્તાઓ કાંઈ માર્ગદર્શન મળે એ આશાએ નરહરિભાઈ પાસે કૉંગ્રેસ હાઉસમાં આવતા. સુરત જિલ્લાના કાર્યકર્તાઓ માટે તો નરહરિભાઈનું ઘર એટલે પોતાનું જ ઘર. રોજેરોજ એટલા મહેમાનો આવતા હતા કે મણિબહેનનો આખો દિવસ એમને માટે રાંધવામાં અને જમાડવામાં જ જતો.

ગાંધીજીએ સાબરમતી આશ્રમ છોડી દીધો પછી એ રેઢો પડ્યો હતો. ધણીધોરી વગર મકાનો ખરાબ થતાં હતાં, એટલે ગાંધીજીએ હરિજન સેવક સંઘને આશ્રમ સોંપી દીધો.

વલ્લભભાઈ ઇચ્છતા હતા કે નરહરિભાઈ રાજકારણમાં પડે. એમણે ગાંધીજીને આ વાત કરી. ત્યારે એમણે સરદારને લખ્યું કે, 'હું નરહરિને હરિજન સેવક સંઘને આપી દીધેલા આશ્રમની જવાબદારી સોંપવા ઇચ્છું છું. નરહરિ જેવી કોઈ વ્યક્તિ વિના હરિજન આશ્રમને કોઈ દીપાવી નહીં શકાય. આશ્રમને ખૂબ આગળ લઈ જઈ શકીશું એવો મારો પૂર્ણ વિશ્વાસ છે. એમ થાય ત્યારે જ આશ્રમનું દાન શોભ્યું ગણાય. નરહરિ પાસેથી બીજી અનેક સેવાઓ લઈ શકાય એ હું જાણું છું, છતાં અત્યારે એનો સારામાં સારો ઉપયોગ આ છે.' આમ ૧૯૩૪ની આખરમાં નરહરિભાઈએ હરિજન આશ્રમની વ્યવસ્થાનું કામ હાથમાં લીધું.

૧૯૩૭માં ગાંધીજીએ વર્ધામાં આખા દેશના કેળવણીકારોને બોલાવ્યા અને એમની સમક્ષ પાયાની કેળવણીના – ઉદ્યોગ દ્વારા કેળવણીના – પોતાના વિચારો રજૂ કર્યા. કૉંગ્રેસની સરકાર આવી ત્યારે એણે બેઝિક એજ્યુકેશન બોર્ડની રચના કરી. એના પ્રમુખ તરીકે નરહરિભાઈને નીમ્યા. પાયાની કેળવણીનો પહેલો પ્રયોગ થામણા ગામમાં બબલભાઈની મારફત નરહરિભાઈએ શરૂ કર્યો. એનાં પરિણામો એવાં સરસ આવ્યાં કે એમાંથી પાયાની કેળવણીને વ્યાપક બનાવવાની પ્રેરણા તે વખતની સરકારને મળી.

નઈ તાલીમનું બીજ પહેલેથી જ નરહરિભાઈમાં રોપાયું હશે.

એનો પ્રયોગ પોતાના દીકરા મોહન પર કર્યો હતો એમ કહી શકાય. એ દસ વરસનો થયો ત્યાં સુધી એને લખતાંવાંચતાં શીખવવાનો આગ્રહ નરહરિભાઈએ રાખ્યો નહોતો. એ નાનો હતો ત્યારથી જ કાંઈ ને કાંઈ ભાંગફોડ કરી એમાંથી એનું વિજ્ઞાન જાણવાનો એને રસ હતો. એ ત્રણચાર વરસનો હતો ત્યારથી જ ગૂજરાત વિદ્યાપીઠમાં સુથારીના વર્ગ ચાલતા હોય કે વિજ્ઞાન ભણાવાતું હોય ત્યાં કલાકો સુધી બેસી રહીને એ બધું જોયા કરતો. ચાવીથી ચાલતું કોઈ નવું રમકડું હાથ આવે તો એનાથી રમવા કરતાં એમાં શું છે, એ કેવી રીતે ચાલે છે એ જાણવાની ઇન્તેજારી એને વધારે રહેતી. એને તોડે અને અંદર શું છે એ જુએ ત્યારે જ એને જંપ વળતો. એ બાર વરસનો થયો ત્યારે એને યંત્રશાસ્ત્રમાં રસ છે તે જોઈને એને અમદાવાદના ચી. ન. વિદ્યાવિહારની ઉદ્યોગશાળામાં દાખલ કર્યો. તે પછી એણે રેંટિયા, પીંજણ વગેરે બનાવવાના સરંજામ-કાર્યાલયમાં કામ કર્યું. હાથકાગળ બનાવતા શીખ્યો અને ‘કલમખુશ’ નામનું હાથકાગળ બનાવવાનું નાનું કારખાનું શરૂ કર્યું. આપણે વિદ્યા માટે ‘હસ્તગત’ કરી શબ્દ વાપરીએ છીએ તે મોહન માટે અક્ષરશઃ સાચું છે. એનું બધું શિક્ષણ એણે હાથે કામ કરીને મેળવ્યું છે.

આપણો દેશ ખેતીપ્રધાન હોવા છતાં ખેતીનું વિજ્ઞાન જાણતો નથી. તેથી પ્રત્યક્ષ કામ કરીને ખેતીનાં સાધનો અને ખેતીની પદ્ધતિ અંગેના પ્રયોગો મોહને શરૂ કર્યા. જાપાન જઈ ખેતીનાં ઓજારો બનાવવાનું પ્રત્યક્ષ જ્ઞાન મેળવી આવ્યો. ખેતીનાં ઓજારોનો અભ્યાસ કરી એમાં વૈજ્ઞાનિક દૃષ્ટિ ભેળવી એ વાપરતાં શ્રમ કેવી રીતે ઓછો પડે ને કેવી રીતે વધારે કામ થઈ શકે એનું સંશોધન કર્યું. ખેતીનાં સુધારેલાં ઓજારો લોકો સુધી પહોંચાડવા સહકારી મંડળી દ્વારા એ બનાવવાનું શરૂ કર્યું, એને યંત્રવિદ્યાલય નામ આપ્યું. આદિવાસી છોકરા-છોકરીઓને મુદ્રણકળા શીખવવા માટે ‘સુરુચિ છાપશાળા’ શરૂ કરી. એનું નામ જ એવું રાખ્યું કે છાપકામ માટે લોકોની સારી રુચિ કેળવાય. આમાં વિદ્યાર્થીઓને તાલીમ મળે છે અને સાથે સાથે પોતા પૂરતું કમાઈ પણ લે છે.

આપણા દેશમાં રસોઈ માટે બળતણની ઘણી ખેંચ છે. તે માટે સોલર કૂકર અને ગેસ પ્લાન્ટ ઉપર ઘણા પ્રયોગો કરી એણે એને આમજનતા સુધી પહોંચાડી શકાય એવાં સુલભ બનાવ્યાં.

આમ, શાળા કે કૉલેજનું જરાય શિક્ષણ લીધા વિના ખેતી, ખેતીનાં ઓજારો, મુદ્રણકળા, સોલર કૂકર, ગેસ પ્લાન્ટ, સૌર્ય ઊર્જા વિશે એના પારંગતની હરોળમાં બેસી શકે એવું છેલ્લામાં છેલ્લું જ્ઞાન એ ધરાવે છે.

મહાદેવભાઈ વહેલા ગુજરી ગયા એટલે નારાયણના શિક્ષણમાં પણ નરહરિભાઈએ ઘણો રસ લીધો હતો. નારાયણના રસના વિષયો જુદા છે. એ સાહિત્યનો રસિક છે. એણે પણ કોઈ શાળા કે કૉલેજમાં શિક્ષણ લીધું નથી. છતાં એ ખૂબ જ સરસ લેખક છે, ઉમદા વક્તા છે. કવિતા લખે છે. ટાગોરનાં કાવ્યોનો અનુવાદ પણ કર્યો છે. એને ઘણી ભાષાઓ પણ આવડે છે. संत सेवतां सुकृत वाधे અને मने केम वीसरे રે એની લખેલી એ બે ચોપડીઓ કોઈ ઉત્તમ નવલકથા કરતાં પણ વધારે રસિક છે.

આધુનિક શિક્ષણપ્રણાલી મુજબ નારાયણ અને મોહનને ડિગ્રી આપવી હોય તો નારાયણને યુનિવર્સિટીની વિનયન વિદ્યાશાખાની પીએચ.ડી.ની અને મોહનને વિજ્ઞાન વિદ્યાશાખાની પીએચ.ડી.ની આપવી ઘટે.

ગાંધીજીની કલ્પનાનું શિક્ષણ કેવું હોય અને એનું કેવું પરિણામ આવી શકે તેના નારાયણ અને મોહન પ્રત્યક્ષ નમૂના છે. આ બંનેનું કામ અને જીવન જોયા પછી કોઈ એમ કહી શકે નહીં કે ગાંધીજીની શિક્ષણની વિભાવના અવ્યવહારુ છે અને નિષ્ફળ જવાને સરજાઈ છે. હજી એનો ફેલાવો નથી થયો. મોટા પાયા ઉપર એનું પરિણામ નથી આવ્યું, પણ આપણી સામે એનું સફળ મૉડેલ તો છે જ.

નરહરિભાઈ અને મહાદેવભાઈ પોતાનું સમગ્ર જીવન ગાંધીજીને અર્પણ કરી ધન્ય થઈ ગયા, એટલું જ નહીં, પણ પોતાના પુત્રો મારફત આદર્શ વારસો પણ મૂકતા ગયા.

ગુજરાતમાં જેટલી રાષ્ટ્રીય શિક્ષણની સંસ્થાઓ ચાલતી હતી તેમાં

નરહરિભાઈની ભાગીદારી અને જવાબદારી વત્તેઓછે અંશે રહેલી છે. કાકાસાહેબ કહેતા હતા કે, 'અમે બધા કેળવણીકાર ખરા, પણ કેળવણી વિશેના ગાંધીજીના વિચારો અમલમાં મૂકવાનું કામ નરહરિભાઈએ જ કર્યું છે. રાષ્ટ્રીય શિક્ષણમાં એમનો જે ફાળો છે તે લોકો કદી ભૂલી શકશે નહીં.'

દરેક વખતની જેલમાં જુવાન વિદ્યાર્થીઓ નરહરિભાઈ પાસે ગામડાંના પ્રશ્નો અને ખાદીનું અર્થશાસ્ત્ર શીખવા આવતા હતા. એમાં સ્વાભાવિક રીતે જ અર્થશાસ્ત્રના સિદ્ધાંતોની ચર્ચા થતી. આ વિષય પર ગુજરાતીમાં એકે સારું પુસ્તક નહોતું. એની ખોટ વરતાતી. ત્યારે ઘણા દોસ્તો નરહરિભાઈને કહેતા કે, તમે અર્થશાસ્ત્ર પર એક પુસ્તક લખો. બહાર તો એટલો વખત મળે નહીં. પણ ૧૯૪૨ની જેલમાં એમને આ તક મળી અને એમણે मानव अर्थशास्त्र નામનું છસો પાનાનું પુસ્તક લખ્યું. ગુજરાતીમાં અર્થશાસ્ત્ર પર આટલું વિશદ અને મૌલિક પુસ્તક આ પહેલું જ હશે.

નરહરિભાઈ સાહિત્યના માણસ તરીકે કદી જાણીતા નથી થયા. તેઓ ગાંધીજીને પોતાના વડીલ ગણતા હતા અને એમના વિચારો પ્રમાણે જીવન જીવવા પ્રયત્ન કરતા. આ કારણે ગાંધીવિચારને અનુકૂળ કાંઈ વાંચે તો તેનો અનુવાદ કરતા અને પોતાને જે સમજાયું હોય તે પોતાની રીતે લખતા. આમ साम्यवाद अने सर्वोदय એમણે ૧૯૨૩માં લખ્યું. તે વખતે સામ્યવાદના વિચારોનું ભારતમાં નવું નવું પગરણ થતું હતું. પોતે ગાંધીવિચારના અનુયાયી કે પ્રેમી હતા પણ ગાંધીજીના મંડળમાં સમાજવાદના અભ્યાસુ તરીકે તેઓ પહેલા હતા. જ્યારે ભૂદાનની ચળવળ ચાલી ત્યારે सर्वोदय समाजनी झांखी લખી એમાં પોતાના વિચારો વ્યક્ત કર્યા. वर्धा केळवणीना प्रयोगोमां એમણે નઈ તાલીમ વિશે લખ્યું ને પાછળથી ग्राम विद्यापीठनी भूमिका પુસ્તિકા લખી. जाते मजूरी करनाराओने અને हळपति मुक्ति એ ખેતમજૂરોના વિષય પર લખેલી પુસ્તિકાઓ છે. त्यारे करीशुं शुं? એ ટૉલ્સ્ટૉયના પુસ્તકનો અંગ્રેજીમાંથી અનુવાદ કરેલો છે.

યુવાનોની તાલીમમાં નરહરિભાઈને પહેલેથી જ રસ હતો. આશ્રમમાં

જોડાયા ત્યારે આશ્રમનાં જુવાન બાળકોનાં તેઓ શિક્ષક બન્યા હતા. ગૂજરાત વિદ્યાપીઠના મહામાત્ર થયા ત્યારે પણ વિદ્યાર્થીઓમાં અંગત રસ લેતા હતા ને એમને માર્ગદર્શન આપતા હતા. આઝાદી મળી ત્યાર પહેલાં ખેર સાહેબની મિનિસ્ટ્રી હતી ત્યારે એમણે હરિજન આશ્રમમાં ગ્રામસેવક તાલીમવર્ગ શરૂ કરેલો ને તેમનું છેલ્લું કામ તે સેવાગ્રામમાં અખિલ ભારત ગ્રામસેવક વિદ્યાલયનું સંચાલન. યુવાનોના સંપર્કને લીધે તેઓ મનથી હંમેશાં જુવાન રહ્યા હતા.

નરહરિભાઈની ખરી વિશેષતા એ હતી કે તેઓ કદી ગાંધીજીના વેવલા અનુયાયી બન્યા નહોતા. ગાંધીજી સાથે મતભેદ થાય તો એમને સ્પષ્ટ રીતે કહી દેતા. આને કારણે ગાંધીજીના રંગે પૂરા રંગાયેલા હોવા છતાં પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ ધરાવતા હતા. ગાંધીજીનાં લખાણોના કૉપીરાઇટ કોનાં ગણાય એવા પ્રશ્નો ઘણાને ઊઠતા હતા. ૧૯૪૦માં મલીકાંડામાં ગાંધી સેવા સંઘનું સંમેલન મળ્યું ત્યાં ગાંધીજીએ પોતાનું વસિયતનામું બનાવ્યું:

> ''મેં આજ પહેલાં જે કાંઈ પણ વસિયતનામાં કર્યાં હોય તે રદ ગણી આને મારું છેલ્લું વસિયતનામું સમજવું. ........
> ..................
>
> આ વસિયતનામા મુજબ વ્યવસ્થા કરવા સારુ હું ભાઈ મહાદેવ હરિભાઈ દેસાઈ તથા ભાઈ નરહરિ દ્વારકાદાસ પરીખને મારા એક્ઝિક્યુટિવ નીમું છું. ..............................
> ..................
>
> મલીકાંડા, ૨૦-૨-'૪૦
>
> (સહી) મોહનદાસ કરમચંદ ગાંધી
>
> શાખ : (સહી) પ્યારેલાલ નાયર
> (સહી) કિશોરલાલ ઘ. મશરૂવાળા

એક વિચારક, લેખક, શિક્ષક અને સાથે સાથે સ્વચ્છ સંચાલક કે વ્યવસ્થાપક તરીકે ગુજરાત નરહરિભાઈને યાદ રાખશે.

સ્વરાજ મળ્યા પછી કેટલાક કાર્યકર્તાઓ કૉંગ્રેસી સરકારના પ્રધાનો બન્યા ને કેટલાક પહેલેથી કરતા હતા તે રચનાત્મક કામ કરતા રહ્યા. આમાં રચનાત્મક કાર્યકર્તાઓને ઘણી મૂંઝવણ થતી હતી. સરકારી હોદ્દા પર ગયેલા એક વખતના પોતાના સાથીદારો જ ત્યારે જુદી રીતે વર્તતા હતા. આમાંના કેટલાક કાર્યકર્તાઓ માર્ગદર્શન માટે નરહરિભાઈને કાગળ લખતા. નરહરિભાઈને પણ લાગતું હતું કે સરકાર આપણી છે છતાં એ ગાંધી ચીંધ્યા માર્ગે તો નથી જ જતી. તેથી એમણે તથા સ્વામી આનંદે ભેગા મળીને ૧૯૫૩માં એક પત્રિકા રચનાત્મક કાર્યકર્તાઓને સબોધીને બહાર પાડી. અને સૌ ઓળખીતાઓને અભિપ્રાય અને ટીકા મ[illegible]લી આપી. એના જવાબમાં ઘણા કાગળો આવ્યા. એમાં મોરારજીભાઈ, વૈકુંઠભાઈ, ગુલઝારીલાલ નંદા, જેઓ સરકારમાં હોદ્દા પર હતા એમના અભિપ્રાયો એક જાતના હતા ને જે લોકો રચનાત્મક કાર્ય કરતા હતા તેમના અભિપ્રાય બીજી જાતના હતા. થોડો વખત આ પત્રિકાને કારણે ઘણો ઊહાપોહ થયો.

૧૯૪૫માં માંદગીને કારણે ગાંધીજી અને એમના સાથીઓને સરકારે જેલમાંથી છોડી દીધા. ગાંધીજીનો ગુજરાતી પત્રવ્યવહાર અને ગુજરાતી લેખોનું કામ કરનાર અને ખાસ તો એમનું દફતર ચોકસાઈથી સંભાળનાર કોઈકની જરૂર હતી. ગાંધીજીએ નરહરિભાઈને આ કામ માટે બોલાવ્યા. નરહરિભાઈએ પહેલાં જ કહ્યું કે, ‘મહાદેવની જગ્યા પૂરવાની મારામાં જરાય લાયકાત નથી. છતાં હું યથાશક્તિ તમારું કામ કરીશ.’ ને નરહરિભાઈ ગાંધીજી મહાબળેશ્વર હતા ત્યાં ગયા. પ્યારેલાલજી મહાદેવભાઈના હાથ નીચે કામ કરવા ટેવાયેલા હતા. મહાદેવભાઈના ગયા પછી એમને સ્વાભાવિકપણે એમ હોય જ કે હવે ગાંધીજીનું બધું કામ મારે કરવાનું છે અને હું જ મહાદેવભાઈની જગ્યાએ છું.

ગાંધીજીને મન નરહરિભાઈ મહાદેવભાઈ જેવા જ હતા પણ પ્યારેલાલજીને એવું કેવી રીતે લાગે? એમને નરહરિભાઈ આવ્યા તે ગમ્યું નહીં. નરહરિભાઈ એમનું વલણ સમજી ગયા ને એમણે ગાંધીજીને આ પરિસ્થિતિની વાત કરી. ગાંધીજી પણ આ વાત

તરત સમજી ગયા ને એમને લાગ્યું કે નરહરિને અહીં રાખવાથી એમની પ્રસન્નતા જળવાશે નહીં એટલે પોતે જ બોલાવ્યા હતા, છતાં એમને પાછા જવાની રજા આપી અને કહ્યું કે મારા ગુજરાતી પત્રવ્યવહારનું અને બીજું નાનુંમોટું કામ તો વનમાળા પણ કરી શકશે એટલે એને મારી પાસે મૂકતા જાઓ.

૧૯૪૭માં નરહરિભાઈ ઉપર લકવાનો હુમલો થયો અને એમનું જમણું અંગ સાવ ખોટું થઈ ગયું. આ ખબર ગાંધીજીને મળ્યા ત્યારે એમણે નરહરિભાઈ ઉપર કાગળ લખ્યો કે, "તમારી તબિયતના ખબર જાણી ચિંતા થાય. તમારી પાસે પહોંચી જવાનું મન થાય છે પણ અત્યારે કામના બોજા તળે એવો દબાયેલો છું કે એ શકય નથી. નેચરકયોરના જાણકાર રઘુનાથ શાસ્ત્રી અહીં બેઠા છે એમને આજે જ તમારી પાસે મોકલું છું. એ તમને સલાહસૂચના આપશે અને પાછા આવીને તમારા ખબર મને આપશે." તે દિવસે રવિવાર હતો એટલે નજીકમાં નજીક જે દાકતર હતા એમને લઈ આવ્યા. એ દાકતર છોટુભાઈ પટેલ હતા. તે સાદા એમ.બી.,બી.એસ. હતા. નરહરિભાઈની સ્થિતિ ઘણી ગંભીર હતી. દાક્તરે કહ્યું કે હું મારાથી બનતો પ્રયત્ન કરું છું. ચોવીસ કલાક નીકળી જશે તો કદાચ બચી જશે ને એમની સારવાર શરૂ થઈ. જે હિતેચ્છુઓ જોવા આવતા હતા એમને એમ કે કોઈ મોટા દાક્તરને બોલાવીએ. નરહરિભાઈએ નક્કી કરી લીધું હતું કે, કટોકટીને સમયે સૌથી પહેલાં છોટુભઈએ મારી સારવાર કરી છે. હવે મારે છોટુભાઈ સિવાય બીજા કોઈ દાક્તરને બોલાવવા નથી. યોગ્ય નિદાન અને સાચી દવા સાજા કરવામાં જેટલી મદદ કરે છે એટલી જ મદદ દરદીની દાક્તર પરની શ્રદ્ધા પણ કરે છે. ભલભલા દાક્તર પણ મોતને દૂર હડસેલી શકતા નથી. સાજા થવા માટે ઈશ્વર પરની શ્રદ્ધા જેટલી જરૂરી છે તેટલો જ દાક્તર પરનો વિશ્વાસ પણ જરૂરી છે. છોટુભાઈ ઉપર પણ નરહરિભાઈની એમને વિશેની શ્રદ્ધાની બહુ અસર થઈ ને એ દાક્તર મટીને એમના પુત્ર કે ભક્ત બની ગયા.

ત્રણચાર મહિનામાં માલિશ અને બીજી સારવારને લઈને નરહરિભાઈ ચાલતાફરતા થઈ ગયા. સાજા થયા પછી એમણે સૌથી પહેલું કામ પોતે જે સંસ્થાઓમાં જોડાયેલા હતા તેમાંથી રાજીનામું આપવાનું કર્યું.

આટલાં બધાં વરસ અમદાવાદમાં કામ કર્યું હતું એટલે બધામાંથી છૂટા થઈ ગયા છતાં લોકો એમને મળવા અને સલાહ લેવા તો આવતા જ રહ્યા. એટલામાં સરદારે સૂચના કરી કે બારડોલીનો મારો બંગલો ખાલી પડ્યો છે, તમે ત્યાં જઈને રહો તો હું ત્યાં રહું છું એવો આનંદ મને થશે. એટલે તેઓ અમદાવાદ છોડીને બારડોલી ગયા.

મહાદેવભાઈનું નાની ઉંમરે મૃત્યુ થયું એનો આઘાત નરહરિભાઈને ઘણો જ લાગ્યો હતો. 'મહાદેવ માટે શું કરું? શું કરું?' એવું એમના મનમાં થયા કરતું હતું.

મહાદેવભાઈ બાપુજી સાથે જોડાયા તે જ દિવસથી ડાયરી લખતા હતા, એની એમને ખબર હતી. મહાદેવભાઈની ઇચ્છા તો એ નોંધ અને દિનવારીને આધારે ગાંધીજીનું વિસ્તૃત જીવનચરિત્ર લખવાની હતી. પણ એ મનની મનમાં જ રહી ગઈ. નરહરિભાઈને એ ડાયરીઓનું સંપાદન કરી લોકો સમક્ષ મૂકવાનો વિચાર આવ્યો. એમણે નારાયણને વાત કરી. એ ઘણો ખુશ થયો, ને એણે બધી ડાયરીઓ નરહરિભાઈને સોંપી દીધી. ડાયરીનું સંપાદન કરતાં કરતાં જાણે એ મિત્રનું સાન્નિધ્ય અનુભવતા હતા. એમને ડાયરીનું સંપાદન કરવાનું સૂઝ્યું ન હોત તો જે અમૂલ્ય ખજાનો જનતાને ઉપલબ્ધ થયો છે તે થયો હોત કે નહીં? કોને ખબર!

ડાયરીનું સંપાદન કરતા હતા ત્યારે એમને મહાદેવભાઈના ચરિત્રની ઝાંખી કરાવે એવો લેખ લખવાનો વિચાર આવ્યો. ગાંધીજી સાથે જોડાયા ત્યાં સુધીનું એટલે ૧૯૧૭ સુધીનું જીવનચરિત્ર એમણે લખ્યું તે *મહાદેવભાઈનું પૂર્વચરિત્ર* નામની પુસ્તિકારૂપે પ્રકટ થયું.

કિશોરલાલભાઈ મરણ પછી સ્મારક કરવાની કે સદ્‌ગતનું જીવનચરિત્ર લખવાની વિરુદ્ધ હતા ને કહેતા હતા કે મારું જીવનચરિત્ર કોઈ

લખશો નહીં, પણ જેણે પોતાની પ્રખર વિચારશક્તિ, અવિરત કર્મયોગ અને નિર્મળ ચારિત્ર્યથી દેશ અને સમાજને પ્રભાવિત કર્યા હોય એનું જીવનચરિત્ર ન લખાય અને કોઈ વ્યસની સટોડિયાનું જીવનચરિત્ર લખાય તેથી સમાજને ઊંચાં લાવવાની આશા રખાય ખરી?

કિશોરલાલભાઈ અને નરહરિભાઈ બહુ નિકટના આજીવન દોસ્ત હતા, એટલે નરહરિભાઈને એમનું જીવનચરિત્ર લખવાની ઈચ્છા હતી. તે श्रेयार्थीनी साधना નામે એમણે લખ્યું. સરદારનાં દીકરી મણિબહેનની ઈચ્છા સરદારનું કોઈ અધિકૃત જીવનચરિત્ર લખે એવી હતી. કાચો ખજાનો મણિબહેન પાસે પુષ્કળ હતો. સરદાર સેંકડોના સંપર્કમાં હોય, કેટલીયે ખાનગી હકીકતો એમાં પડેલી હોય, તે ગમે તે માણસના હાથમાં તો મૂકી શકાય નહીં. એટલે એમણે નરહરિભાઈને કહ્યું કે તમે બાપુનું જીવનચરિત્ર લખો. આમ સરદારનું જીવનચરિત્ર એમણે બે ભાગમાં લખ્યું. ડાયરીનું સંપાદન અને જીવનચરિત્રો લખવાનું કામ એમણે પક્ષાઘાતની મોટી માંદગી આવી ગઈ તે પછી કર્યું.

૧૯૫૭ના જુલાઈની ૧૫મી તારીખે લાંબી માંદગી પછી નરહરિભાઈનું અવસાન થયું. છેલ્લા છ મહિના એમણે ઘણી વેદના ભોગવી. નરહરિભાઈને લકવો થયો ત્યારે ગાંધીજીએ લખ્યું હતું કે, 'તમારું જીવન કેટલું સરળ, પ્રપંચરહિત તેમ જ નિર્વિકાર? તમને લકવો કેમ થયો એ જ હું સમજી શકતો નથી.' એમની છેલ્લી માંદગી દરમિયાન ગાંધીજીના આ શબ્દો મને બહુ યાદ આવતા હતા. એમને વેદના ભોગવતા જોઈ મને ઘણું દુઃખ થતું. આપણા ઋષિઓએ માંદગીને પણ તપસ્યા કહી છે. એમને ઘણી લાંબી તપસ્યા કરવી પડી. પણ આ એક માન્યતાએ મારું દુઃખ થોડું ઓછું કર્યું હતું.

પહેલેથી છેલ્લે સુધી મણિબહેનના સમજપૂર્વકના સાથને લઈને જ એમનું દાંપત્યજીવન આટલું પ્રસન્ન રહ્યું ને તેઓ આટલાં કામો કરી શક્યા. ગાંધીજીએ પણ કહ્યું છે ને કે, 'બાનો સાથ ન હોત તો હું મહાત્મા બન્યો ન હોત.'

# નરહરિભાઈ પરીખનાં પુસ્તકોની યાદી

**મૌલિક:**

૧. आटलुं तो जाणजो ૧૯૨૩
૨. पूर्वरंग (શ્રી દત્તાત્રેય બાળકૃષ્ણ કાલેલકર સાથે) ૧૯૨૩
૩. साम्यवाद अने सर्वोदय ૧૯૩૪
૪. कन्याने पत्रो (હિન્દી, મરાઠી અને ઊડિયામાં અનુવાદ થયા છે.) ૧૯૩૩, '૩૭, '૪૪, '૪૫, '૫૬
૫. लोकपोथी (શ્રી જુગતરામભાઈ દવે સાથે) ૧૯૩૯, '૫૪, '૫૫
૬. वर्धा केळवणीनो प्रयोग ૧૯૩૯
૭. यंत्रनी मर्यादा ૧૯૪૦, '૪૮
૮. मानव अर्थशास्त्र ૧૯૪૫, '૫૭
૯. महादेवभाईनुं पूर्वचरित्र (હિન્દી અને અંગ્રેજીમાં તરજુમા થયા છે.) ૧૯૫૦
૧૦. ग्राम विद्यापीठनी भूमिका (શ્રી નાનાભાઈ ભટ્ટ સાથે) ૧૯૫૧
૧૧. सरदार वल्लभभाई पटेल—ભાગ-૧ ૧૯૫૦ (હિન્દી અને અંગ્રેજી ભાષાંતર થયાં છે.)
૧૨. सरदार वल्लभभाई पटेल—ભાગ-૨ ૧૯૫૨ ( ,, )
૧૩. श्रेयार्थीनी साधना ૧૯૫૩
૧૪. सर्वोदय समाजनी झांखी ૧૯૫૫-૫૬
૧૫. भूदान प्रश्नोत्तरी ૧૯૫૫

**સંપાદન:**

૧૬. गोविन्द गमन (શ્રી રામનારાયણ વિ. પાઠક સાથે) ૧૯૨૩
૧૭. करंडियो ૧૯૨૮, '૩૨, '૫૦
૧૮. नवल ग्रंथावलि ૧૯૩૭
૧૯. सरदारनां भाषणो (શ્રી ઉત્તમચંદ શાહ સાથે) ૧૯૪૯
૨૦. दीवान बहादुर अंबालाल साकरलालनां भाषणो ૧૯૪૯

२१-२५. महादेवनी डायरी भाग १थी ५ १९४८-'५१

२६. गांधीजीनुं गीताशिक्षण १९५६

२७. महादेवभाईनी डायरी ભાગ-६ (અવસાન પછી છપાયો) १९६४

**અનુવાદ:**

२८. चित्रांगदा अने विदाय अभिशाप (શ્રી મહાદેવ દેસાઈ સાથે)

२९. प्राचीन साहित्य (શ્રી મહાદેવ દેસાઈ સાથે) १९१५, '२५, '४९, १९२३, '२९

૩૦. त्यारे करीशुं शुं? (ટોલ્સ્ટોય કૃત) १९२४, '४८

૩१. जाते मजूरी करनाराओने १९२४, '४०, '४९

૩२. सहायवृत्ति (પ્રિન્સ ક્રોપોટ્કિન કૃત) १९३५

---

Acc. No. 130238
Date 8-9-2010
SHIMLA


I. I. A. S. LIBRARY

Acc. No.

This book was issued from the library on the date last stamped. It is due back within one month of its date of issue, if not recalled earlier.

CP&SHPS—519.I.I.A.S./2004-25-6-2004-20000.

## શ્રી મહાદેવભાઈ દેસાઈ જન્મશતાબ્દી ગ્રંથમાળા



| | | |
|---|---|---|
| ૧. મહાદેવભાઈ દેસાઈ : સત્ત્વ અને સાધના | ચંદ્રકાંત શેઠ | ૧૦.૦૦ |
| ૨. કિશોરલાલ મશરૂવાળા | કેતકી બલસારી | ૧૦.૦૦ |
| ૩. મીરાંબહેન | જયન્ત પંડ્યા | ૮.૦૦ |
| ૪. વણછા વિનાના વડલા : મહાદેવભાઈ દેસાઈ | નારાયણ દેસાઈ | ૮.૦૦ |
| ૫. ગાંધી અર્થવિચારના પ્રખર ભાષ્યકાર : ડૉ. જે. સી. કુમારપ્પા | મગનભાઈ જો. પટેલ | ૭.૦૦ |
| ૬. નરહરિભાઈ પરીખ | વનમાળા દેસાઈ | ૭.૦૦ |

માર્ચ - ૧૯૯૫ સુધીમાં આ છ
રૂ. ૫૦.૦૦ને બદલે રૂ. ૪૦
ત્યાર બાદ તે છાપેલી

Library IIAS, Shimla
GJ 891.470 92 D 451 N
00130238

SABARMATI ASHRAM
001828 Ahmedabad
NURHARI BHAI PARIKH
GUJ.
MRP : Rs. 4